# સપનાનાં વાવેતર

અનંત કે. શાહ (બાબાભાઈ)





Mr. Bababhai

The story of your own commitment dating back to your school days is itself so remarkable that it deserves to be known internationally.

John (Wilson)

સપનાનાં વાવેતર

**Mr. Anant K. Shah (Bababhai)**
The story of your own commitment dating back to your school days is itself so remarkable that it deserves to be known internationally. We in the United Kingdom IMPACT Program will do anything we can to bring your work to international attention and to support it.

John (Wilson)
(C.B.E., D.C.L)

President of impact Foundation (U.K)
January 20, 1999



National Award


बाल सेवा हेतु

राजीव गाँधी मानव सेवा पुरस्कार 1998

श्री अनन्तराय के. शाह

Rajiv Gandhi Manav Seva Award for Service to Children 1998

presented

to

Shri Anantrai K. Shah

Hony. Secretary

K.L.Institute for the Deaf, Bhavnagar (Gujarat)





सत्यमेव जयते

ગુજરાત સરકાર

# સન્માનનીય

શ્રી અનંતભાઈ કનૈયાલાલ શાહ
દ્વારા વિકલાંગ કલ્યાણ ક્ષેત્રમાં
કરેલા પ્રદાનનું સગૌરવ સ્મરણ કરીને
ભાવનગર જિલ્લામાં આયોજિત
૬૩મા પ્રજાસત્તાક પર્વ
રાજ્ય મહોત્સવની ઉજવણીના
પ્રસંગે આપનું રાજ્ય સરકાર
સન્માન કરે છે.

તારીખ : ૨૬ જાન્યુઆરી, ૨૦૧૨
સ્થળ : ભાવનગર

મુખ્યમંત્રી

# સપનાનાં વાવેતર

## બીજમાંથી વટવૃક્ષ થયેલી સંસ્થાઓના વિકાસની સ્મરણયાત્રા

અનંત કે. શાહ (બાબાભાઈ)

પ્રકાશક
કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ



A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:28:48 PM

# સપનાનાં વાવેતર

એક બીજમાંથી વટવૃક્ષ બનીને અડીખમ ઉભેલી સંસ્થાઓની વિકાસયાત્રામાં ખભેખભા મિલાવીને જોડાયેલા સાથીઓ અને ઉદારદિલ દાતાઓનાં સમર્પણની રસપ્રદ યાત્રા.

# Sapanana Vavetar

Story of Strenuous Efforts, Dedication of volunteers and Generous Donors who joined togather in  the Journey of institutions from a seed to a robust Banyan Tree.


| | | |
|---|---|---|
| © | : | પી.એન.આર સોસાયટી |
| પ્રથમ આવૃત્તિ | : | ડિસેમ્બર ૨૦૧૯ |
| પ્રત | : | ૧૨૫૦ |
| સંકલન | : | બિપિન શાહ, પારસ શાહ, સુકેતુ શાહ |
| કમ્પ્યૂટર ટાઈપિંગ-પ્રિ લે આઉટ | : | રાજેશ પટેલ, હિતેષ ઓઝા, જિજ્ઞા તળાજિયા, વિજય સોલંકી, કેતન રૂપેરા |
| ગ્રાફિકસ કનસેપ્ટ ડિઝાઇન | : | ગૌત્તમ મકવાણા, ગૌત્તમ ક્રિએશન, ભાવનગર |
| ભાષા શુદ્ધિ | : | કિરીટ રાઠોડ, પીયૂષ પારાશર્ય, ધનશ્યામ બારૈયા, પરીક્ષિત ભટ્ટ, મૃદુલા દેસાઈ |
| તસ્વીર | : | ભૂપેન્દ્ર શાહ, હાર્દિક શાહ, સ્ટુડિયો સ્મૃતિ, ભાવનગર |
| મુદ્રક | : | અંબા ઓફસેટ, ગાંધીનગર, ગુજરાત |
| પ્રાપ્તિસ્થાન | : | પી.એન.આર સોસાયટી<br>નટરાજ કૉલેજ કૅમ્પસ, સરદાર પટેલ સ્કૂલની બાજુમાં,<br>કાળિયાબીડ, ભાવનગર-૩૬૪ ૦૦૨.<br>RSVP પારસ શાહ M.+91 9327543757<br>Email : pnr.anant@gmail.com, info@pnrsociety.org,<br>paras.shah@pnrsociety.org |





A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:28:55 PM

શ્રીમતી પરસનબેન નારણદાસ રામજી શાહ (તળાજાવાળા)
સોસાયટી ફોર રિલીફ ઍન્ડ રિહેબિલિટેશન ઑફ ધી ડિસેબલ્ડ

(PNR SOCIETY)
અને
સંલગ્નિત સંસ્થાઓનાં
ઉદારદિલ દાતા



# સ્વ. શ્રી કાંતિલાલ નારણદાસ શાહ

સપનાનાં વાવેતર
પુસ્તક પ્રકાશન માટે યોગદાન
કે. એન. શાહ ચૅરિટેબલ ટ્રસ્ટ - મુંબઇ



A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:29:01 PM

# અર્પણ



**કોરીકોરી આંખોમાં ભીનાંભીનાં સપનાં સાર્થક કરવા**
**આરંભાયેલી કૂચમાં જોડાયેલાં**
**પરિવારજનો, સાથીઓ, ઉદારદિલ દાતાઓ, અને**
**પી.એન.આર. સોસાયટીને**



A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:29:08 PM

# સંસ્થાઓને સથવારે જીવાયેલ જિંદગી...

કોઈ પણ કથાની શરૂઆત સ્વથી થાય તેમ દેશની આઝાદી પહેલા જન્મેલા કથાનાયક તેના દાદા-દાદીથી પોતાની કથાનો આરંભ કરે છે. દાદા સમાજ સુધારક, દાદી દિવાળીમા પણ દરબાર ભરીને બેઠે. પિતા ચુસ્ત ગાંધીવાદી. એ તમામ નેતૃત્વના જીન્સ કથાનાયકમાં સાંગોપાંગ ઊતર્યા. બાળકો માટે મા ભોળી અને પ્રેમાળ જ હોય, તેમ કથાનાયકના નવ ભાંડરડાને માતાએ સંઘર્ષ કરીને મોટા કર્યા.

કથાનાયકનું શિક્ષણ સરકારી શાળાઓમાં માંડમાંડ થયું. પરંતુ શાળામાં કોઈ શિક્ષકથી તે બહુ પ્રભાવિત થયો નહીં. એ પ્રભાવિત થયા તેના અપંગ પણ જ્ઞાની શાંતિકાકાથી. આ કાકાના અકાળ મૃત્યુનો ખાલીપો તેને સતાવતો અને તેની ઊંડી અસર તેના જીવન ઉપર રહી જાય છે. બીજી તરફ મોસાળમાં પણ મામા અપંગ છે. આમ, કથાનાયકનું બચપણ અપંગોના સાનિધ્યમાં પાંગરે છે.

લાખ પ્રયત્ન છતાં પિતા નોકરી-ધંધે લગીરે ગોઠવાતા નથી ને નાસીપાસ થઈને ઘર છોડી જાય છે. કુટુંબમાં કથાનાયક મોટો એટલે ભણતાભણતા કમાવાની જવાબદારી માથે આવી પડી. પાડોશમાં દયાની દેવી બેનીબેનનાં ઘરે બેસીને કળા કારીગરી ઉપર હાથ અજમાવે છે. આવા કપરા સમયમાં કથાનાયકને તેના મણિકાકા ફોટોગ્રાફીની લાઈને ચડાવે છે. એ કળા જ કુટુંબની તારણહાર બની. ધીરેધીરે બીજા ભાંડરડા કામકાજમાં જોડાતા જાય છે. કુટુંબના ભરણપોષણની જવાબદારી વહન કરતાંકરતાં ૨૧ વરસે માંડ મેટ્રિક અને ૩૦ વરસે ગ્રેજ્યુએટ થયા પછી અનુભવની નિશાળમાં ભણીને કથાનાયક સરકારી નોકરીમાં જોડાય છે.

★★★

પંદર ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે કથાનાયકે ૧૨ વરસની ઉંમરે, ત્રિરંગા સાથે સરઘસ કાઢીને સમાજસેવા-દેશસેવાની શરૂઆત કરી. રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા મિત્રો સાથે મળીને કથાનાયકે જૈન ઉપાશ્રયનાં ઓટલા પરથી દરબારગઢ વૉર્ડ નવજવાન સંઘની સ્થાપના કરી. સાથીઓ હર્ષદ શેઠ, અંતુ રાવળ, અનંત શાહ ઉર્ફે મફતભાઈ (જે પછી અનંત ત્રિપુટી તરીકે ઓળખાઈ) અને બીજા ઘણાં...! સમાજની સુખાકારી માટે જે સુવિધાનો અભાવ હોય તે ઊભી કરવાના હેતુથી સંસ્થાની સ્થાપના થઈ. આ બીજમાંથી વટવૃક્ષ બનીને ઊભેલી બધી સંસ્થાઓની સ્થાપના પાછળ આ અભિગમ રહેલો છે. આજે આ સેવાની સુવાસ લાખો જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચી રહી છે.

શરૂઆતમાં નવજવાન સંઘની એવી પ્રવૃત્તિઓ શરૂ કરી જેમાં પૈસાની જરૂરિયાત ઓછી અને કાર્યકરોની જરૂરિયાત વધુ રહે. તેમાં લોકજાગૃતિ માટે પાટિયા ચીતરવા, પુસ્તકાલય, પ્રૌઢ શિક્ષણ, રાત્રી ટ્યૂશન વર્ગો, દૂધ કેન્દ્ર, વગેરેનો સમાવેશ થતો. પ્રવૃત્તિનો વિસ્તાર થતાં ઉપાશ્રયનો ઓટલો નાનો પડવા લાગ્યો. ઑફિસની જરૂર હતી ત્યારે એક ભાવુકે તેની મેડી વગર ભાડે બેસવા આપી. પરંતુ તેમાં વિઘ્ન આવ્યું એટલે મેડી ખાલી કરવાની નોબત આવી. હવે જાવું કયાં? ઉપાય સૂઝતો ન હતો ત્યાં એક લઘરવઘર મજૂર જેવો માણસ આવી ચડ્યો, ‘છોકરાઓ, મૂંઝાતા નહીં, સામે આપડી મેડી છે, વાપરો!’



A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:29:16 PM

'ભાડુ?' તો કહે, 'ભગવાનનું નામલ્યો.'

કથાનાયકનાં કાર્યકાળ દરમ્યાન કામ અટકી પડે, રસ્તો સૂઝે નહીં ત્યારે આમ ન ધારી હોય ત્યાંથી મદદ આવી પડયાની કેટલીય ઘટનાઓ બની છે; બહેરાં બાળકોની શાળાનાં બાંધકામ સમયે ફંડની મુશ્કેલી પડી ત્યારે ચંદુકાકાની સહજ એન્ટ્રી થઈ, એવી જ રીતે તેની પાછળ શામજીભાઈ પારેખ, બાબુભાઈ સંઘવી, કાંતિભાઈ શાહ, મફતકાકા અને નટવરભાઈ જેવા શુભચિંતકો આવ્યા, જેણે દાનનો પ્રવાહ વહેવડાવ્યો. સપનાની શાળા માટે કોઈ આર્કિટેકટ મળતો ન હતો ત્યારે બાહોશ આર્કિટેકટ ધનસુખ ભટ્ટનો ટ્રેનમાં ભેટો થયો. આધુનિક શિક્ષણનાં તજજ્ઞ પ્રિન્સિપાલની વરસો સુધી રાહ જોયા પછી આશા મૂકી દીધી ત્યારે એકાએક કુસુમબહેન આવી ચડયાં. પોલિયોની વિકરાળ સમસ્યા સામે આવી ત્યારે સેવામૂર્તિ ડૉ. વ્યગ્રેશ્વર રૂદુ અને સર જોન વિલ્સેનની મુલાકાતથી ઇતિહાસ પલટાઈ ગયો. કૃત્રિમહાથ-પગ બનાવવા ઓર્થેટિક પ્રોસ્થેટિક એન્જિનિયર વિજય નાયક ખરે સમયે અમેરિકા છોડીને સંસ્થામાં આવી ચડે છે ત્યારે કથાનાયકને મનોમન પ્રશ્ન થાય છે, 'આમ અચાનક, અણધારી સહાય કયાંથી આવે છે? કોણ કરે છે?' જેનું રહસ્ય આજ સુધી અકબંધ રહ્યું છે!

★★★

ઇઝરાયલના કિબુત્ઝ જેવા સંયુકત કુટુંબ અને સામાજિક સંસ્થાઓ વચ્ચે સંતુલન જાળવીને જીવતો કથાનાયક મોડેમોડે ૩૨ વરસે જીવનસાથી ઇલાબહેન સાથે પ્રભુતામાં પગલા માંડે છે. જાહેર જીવનમાં પ્રેમાળ પત્નીનો સાથ મળે છે. બંને મળીને એક સપનું સેવે છે, પોતીકા ઘરનું! અને એ પણ સુંદર મજાના બંગલાનું! પણ એ સપનું જીવનભર સપનું જ રહે છે. જોકે એ વ્યર્થ નથી જતું . કથાનાયક તેની આ મહત્ત્વાકાંક્ષાને બીજી તરફ વાળે છે. અને પોતાની સર્જનશકિતથી તે એકએકથી ચડિયાતી સંસ્થાઓનું સર્જન કરે છે!

યુવાવયમાં સાહસ વધુ ઉપકારક બને તેવી ત્રણચાર ઘટનાઓ કથાનાયકે જાતને જોતરીને પાર પાડી; જેમાં ખૂનનું રહસ્ય, ગુંડા કાળુ ભીલનો સામનો, ગભરૂ બાળાનાં શોષણની ઘટના, છૂતાછૂત, અસ્પૃશ્યતા અને મંત્રતંત્રની પોકળ વાતો, સામાજિક ચેતનાના ભાગરૂપે જ ઘટે છે.

મહોલ્લાની સમસ્યાઓને હલ કરવા કથાનાયકને નગરપાલિકાની ચૂંટણીમાં ઝંપલાવાની જરૂરત લાગી. કાર્યકર્તાઓની પેનલ બની. કથાનાયક અને સાથીઓએ પંદર વરસ સુધી હરીફોને હંફાવ્યા. વી. સી. લોઢાવાળા હૉસ્પિટલ માટે ફ્રી લીઝ હોલ્ડ જમીન મેળવી. માતૃત્વ અને બાળ હૉસ્પિટલ ઊભું કર્યું તેથી હજારો જરૂરિયાતમંદ લોકો માટે આરોગ્યની સુવિધા સુલભ બની. એવી જ રીતે અન્યાય સામે લડવા ગુજરાતની અપંગ સંસ્થાનું સંગઠ્ઠન બનાવવામાં નેતૃત્વ લઈ અઢાર વરસ સરકાર સામે લડત ચલાવી; સહાયક ગ્રાન્ટના નિયમો સુધારાવ્યા. તેનાથી અપંગોની સંસ્થાઓને જીવતદાન મળ્યું. આ ઘટનાઓમાં કથાનાયકના લડાયક જુસ્સાના દર્શન થાય છે.

કથાનાયકે આદરેલી અપંગોની સેવાનું પ્રથમ પગથિયું બહેરાં બાળકોની શાળાની સ્થાપનાથી શરૂ થાય છે અને તેનું નિમિત્ત બની હતી - જયોતિબાળા. જે સંઘના એક કાર્યકર અનસૂયાબહેનની દીકરી હતી. તે સમયે ભાવનગરમાં બહેરાં



A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:29:23 PM

બાળકોની શાળા ન હતી અને રેગ્યુલર સ્કૂલમાં આવા બાળકોને ભણવાનો અધિકાર ન હતો. સુંદર મજાની નાની બહેરી દીકરીને અમદાવાદની શાળાના છાત્રાલયમાં મૂકવી પડશે-એ વિચાર માત્રથી માતાનું હૃદય કંપી ઊઠ્યું. સંઘમાં વાલીઓની મીટિંગ મળી. સમસ્યા ગંભીર હતી. ઊકેલરૂપે શાળા શરૂ કરવા સૌ તૈયાર થયા પરંતુ કોઈને બહેરાં બાળકોની શાળાનો અનુભવ ન હતો. હતી ફકત અનુકંપા અને કાંઈક કરી છૂટવાની તમન્ના! કથાનાયકે વાલીઓને સાથે રાખીને શાળાનો પ્રયોગ આદર્યો અને સમય જતાં એશિયાની પ્રથમ હરોળની શાળા બની.

આ પ્રયોગની સફળતા પછી, એક પછી એક સંસ્થા સ્થાપવાનો સિલસિલો શરૂ થયો. ૧૯૭૭ આસપાસ કથાનાયકના એક મિત્ર ગાંધીભાઈ મળવા આવ્યા, 'ભાઈ, મારે ૧૨-૧૪ વરસની બે દીકરીઓ મંદબુદ્ધિ છે. એ ઘરમાં સતત ઊથલપાથલ કરતી રહે છે. અમારા પછી આનું શું થશે? તેની ચિંતા રાતદિવસ સતાવે છે. કયારેક એમ થઈ જાય છે કે આ બંને દીકરીઓને લઈ અમે ચારેય આપઘાત કરી લઈએ.' આ વાત સાંભળતા કથાનાયકનું હૃદય દ્રવી ઊઠ્યું. આ એક ઘટનામાંથી ૧૯૭૯માં 'અંકુર' શાળાનું બીજ રોપાયું. જગ્યાનું ઠેકાણું નહીં, ૨૦ વરસ 'અંકુર' શાળા અહીંતહી ફરતી રહી. ૨૦૦૪માં કથાનાયકની ટીમ શાળાના પોતાના અદ્યતન મકાનનું સર્જન કરી શકી. આજે 'અંકુર'ની ગણતરી ગુજરાતની શ્રેષ્ઠ શાળાઓમાં થાય છે.

★★★

૧૯૭૫થી અંધઉદ્યોગ શાળાનો કપરો કાળ શરૂ થયો. સંસ્થા આર્થિક સંકટમાં ફસાણી. દાનનો પ્રવાહ ધીમો પડયો. શાળા બંધ કરવી પડે એવી નોબત આવી પડી. મંત્રી ડૉ.દોશીના કહેવાથી કથાનાયક ને તેની ટીમે અંધશાળાનું સુકાન સંભાળ્યું. શાળા બચી ગઈ એટલું જ નહીં પરંતુ શાળાએ અદ્વિતીય વિકાસ સાધ્યો.

★★★

૧૯૮૧માં યુનાઈટેડ નેશન્સે 'ઈન્ટરનેશનલ યર ફોર ડિસેબલ્ડ' જાહેર કર્યું ત્યારે કથાનાયક સામે પોલિયોપીડિત બાળકોની ગંભીર સમસ્યા હતી. કોઈ મેડિકલ પ્રોફેશનલ સમસ્યાના ઉકેલ માટે આગળ ન આવ્યા ત્યારે કથાનાયકે વિશાખાપટ્ટનમનાં ડૉ.વ્યગ્રેશ્વર રૂડુને શોધી કાઢયા ને ટીમને કામે લગાડી. ૩૦ વરસમાં ભારતના ૧૩ રાજયોમાં ૬૨૩ પોલિયોના કૅમ્પ કરીને ૪૦ હજાર કરતા વધુ બાળકોની સર્જરી કરી તેમને પગે ચાલતા કરીને વર્લ્ડ રેકૉર્ડ કર્યો. પોલિયો પ્રવૃત્તિમાંથી ૧૯૮૯માં પી.એન.આર. સોસાયટીની સ્થાપના થઈ. સ્થાપિત હિતો સાથે ઘર્ષણ થયું. સોસાયટીનું અસ્તિત્વ જોખમાયું ત્યારે વિરલ વ્યકિતત્વ ધરાવતા WHO ના કન્સલટન્ટ, ઈમ્પેકટ યુ.કે. નાં ચેરમેન સર જોન વિલ્સનનો ભેટો થયો. કથાનાયકનું વિઝન અને મિશન બદલાયું. પ્રિવેન્શન ઉપર કામ શરૂ કર્યું. ઈમ્પેકટ સાથે પાર્ટનરશિપ પ્રોગ્રામમાં MOU થયા. ભરપૂર સહાય મળી. વિદેશથી મહેમાનોનો અને દાતાઓનો પ્રવાહ વધ્યો ને સંસ્થાઓનો વિકાસ થયો.

પોલિયોની નાબૂદી પછી કથાનાયક સામે સેરિબ્રલ પાલ્સી બાળકોની અને વિશિષ્ટ શિક્ષણમાં તજજ્ઞની અછતની સમસ્યા આવી. ૨૦૦૦ની સાલમાં ભાવનગરની ભાગોળે છ એકર જમીન સંપાદન કરીને નટરાજ કૉલેજ કૅમ્પસ અને સી. પી. શાળા બનાવીને સમસ્યાનો હલ શોધાયો. આ બધી સંસ્થાઓ અને તેની શાખાઓ અલગઅલગ હોવા છતાં કથાનાયકે તેને એક



A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:29:31 PM

છત્ર નીચે યુક્તિપૂર્વક બાંધી, જેથી સૌનો વિકાસ થયો. એટલે જ રીહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ જૂથની સંસ્થાઓને દેશની આ પ્રકારની સૌથી મોટી સંસ્થાનું બિરુદ આપ્યું, જ્યાં એક છત્ર નીચે બધી જ સેવા મળતી હોય! 'ધ વીક' મેગેઝીને ભાવનગરને વિકલાંગોની સેવાનું હબ કહ્યું છે.

યુવાનીના ઉંમરે ઊભેલા કથાનાયકને સમાજશાસ્ત્રના વધુ અભ્યાસ માટે અમેરિકા જવાની ઇચ્છા થઈ ત્યારે જાણીતા ઉદ્યોગપતિ કાંતિસેન શ્રોફે કહ્યું, 'તમારે સમાજશાસ્ત્ર શીખવા વિદેશ જવાની જરૂર જ નથી. કોઈ ન કરે એવું સમાજ સેવાનું મોટું કામ લઈને તમે અહીં બેઠા છો. ત્યાં ગાંઠનાં ગોપીચંદન કરીને તમારી જેમ કોઈ કામ કરતું નથી.' આ સાંભળ્યા પછી કથાનાયકે મનમાં ગાંઠ વાળી, 'વિદેશ જવું નથી! અહીં જ ધૂણી ધખાવીને બેસીશ.' અને પરિણામ લાવીને રહે છે!

બહેરાં બાળકો માટે ચીલાચાલુ શાળા કરતાં જુદી જ ભાત પાડતી એક અદ્ભુત અને અનોખી શાળા બાંધવાનું કથાનાયકનું સ્વપ્ન હતું પણ આર્કિટેક્ટ મળતા નથી. છેવટે થાકીને ચીલાચાલુ મકાન બાંધવાનું શરૂ કર્યું ત્યાં અમેરિકાની યેલ યુનિવર્સિટીમાંથી ભણીને આવેલા આર્કિટેક્ટ ધનસુખ ભટ્ટનો ભેટો થાય છે. 'આ યુવાન મારા સપનાની શાળાને આબેહૂબ જમીન પર કંડારી દેશે.' એવી ખાતરી કથાનાયકને થાય છે. પરંતુ સાથી મિત્રો ચાલુ બાંધકામ તોડીને નવું કામ કરાવવા સહમત થતા નથી ત્યારે કથાનાયકના નેતૃત્વની ખરી કસોટી થાય છે.

બહેરાં બાળકોની શાળાનું મકાન બાંધવાનું શરૂ થયુ એટલે પૈસાની જરૂર પડી. ફંડ ડ્રાઇવ માટે કોલકતા જવા કથાનાયકે સરકારી નોકરીમાં રજા મૂકી. 'નોકરી અને સેવા સાથે ન થાય!' સાહેબે ચોખ્ખું સંભળાવ્યું પણ સાંભળે કોણ? હુકમનો અનાદર કરતાં નોકરીનું જોખમ ઊભું થયું, શું કરવું? કથાનાયક મુંઝાયો. એક તરફ પરિવારના બાર સભ્યોનાં ભરણપોષણની જવાબદારી તો બીજી તરફ સપનાની શાળા ખંડિત થઈ રહી હતી. ત્યારે મરોલીમાં મેન્ટલ હૉસ્પિટલનું ખાતમુહૂર્ત કરતી વખતે મીઠીબહેન પીટીટને ગાંધીજીએ કરેલી ટકોર કથાનાયકને યાદ આવી, 'મીઠીબહેન! સંસ્થા શરૂ કરવી સહેલી છે, ચલાવવી મુશ્કેલ છે. સંસ્થા ચલાવવી હોય તો ચીટકીને બેસવું પડે!' ત્યારે મીઠીબહેને બાપુને વચન આપ્યું, 'હું ચીટકીને બેસીશ. અહીં મરીશ ને અહીં જ દટાઈશ.' ને કથાનાયકે નોકરી જેટલું માનદ્વેતન સ્વીકારીને સરકારી નોકરીને તિલાંજલી આપી, જીવનભર સંસ્થામાં ચીટકીને બેસી જવાનો જોખમી નિર્ણય કર્યો; જે આજે શુકનિયાળ નીવડ્યો. આ માટે કથાનાયકે ક્યાંક લખ્યું છે, 'સમાજસેવાની ધૂન, એક જાતનો નશો છે. તેમાં ઓતપ્રોત થઈ જતાં બધું જ ભુલાઈ જાય છે, હું કેટલીક વખત મારા બાળકોને સંસ્થામાં ભૂલીને ઘરે પહોંચી ગયેલો છું!'

આ સમર્પિત સેવા બદલ કથાનાયકને માનસન્માન પણ મળ્યા છે. ધ વીક મેગેઝીને તેને ભાવનગરના ગાંધી કહ્યા તો ભારત સરકારે રાજીવ ગાંધી નેશનલ એવોર્ડથી સન્માનીત કર્યા. આ સફળતાના શિખર સુધી પહોંચવામાં કથાનાયકે ઘણી



A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:29:38 PM

મુશ્કેલીઓનો સામનો કર્યો છે. સારાનરસા અનુભવોની પીડા પણ ભોગવી છે, એટલે જ કથાનાયકે 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામજોને' એ ભકત કવિ નરસિંહ મહેતાની પંકિત ટાંકીને સમાજની વાસ્તવિકતા તરફ અંગુલી નિર્દેશ કર્યો છે.

કથાનાયકે એક છત્ર નીચે માત્ર શાળાઓ જ નથી ઊભી કરી, અહીં પ્રિવેન્શન, ડિટેકશન, અર્લિ ઈન્ટરવેનશન સર્જરી, ટ્રીટમેન્ટ, એજયુકેશન, ટ્રેનિંગ, પ્લેસમેન્ટ અને રીહેબિલિટેશનની મેડિકલ-પેરા-મેડિકલ અનેકવિધ સુવિધા સર્જી, જે ભાગ્યે જ એકીસાથે બીજે જોવા મળે છે! પરિણામે યુ.કે., અમેરિકા વગેરેના ફિલોનથ્રોપિસ્ટ આકર્ષાયા; શેર એન્ડ કેર, એ.ટી. એન્ડ ટી. ફાઉન્ડેશન, હાર્ટ ઍન્ડ હેન્ડ ફોર ધી હેન્ડિકેપ્ડ, દલાલ ફેમિલી ફાઉન્ડેશન, સો હ્યુમ ફાઉન્ડેશન જેવી અમેરિકાની સંસ્થાઓ અને જોન એસ્કેન્જી જેવા દાતાઓને કથાનાયકનું કામ ગમતું હતું. અમેરિકાના લિયોનાર્ડ માર્ક અને જેરી જોને તો પોતાની વસિયત કરીને મિલ્કતનો અમુક ભાગ સંસ્થાને અર્પણ કરી દીધો!

ઉંમર તો સૌ કોઈની થાય છે, તે સાથે પરિવર્તન અનિવાર્ય છે. કથાનાયકે ૭૦ વર્ષની ઉંમરે સપનાની સંસ્થાઓ માટે નવા કાર્યકરોની શોધ આદરી. સામાન્ય રીતે લોકો સત્તાના ઉપભોગમાં સાથીદાર સાંખી શકતા નથી ત્યારે નવા કાર્યકરનો વિચાર મૅનેજમેન્ટ માટે અગત્યનું પાસુ બન્યો! કથાનાયકે દરેક સંસ્થાઓની સ્ટ્રેંગ્થ, વિકનેશ અને પ્રોબ્લેમની કાર્યકરો સાથે ચર્ચા કરીને ઉપાય પણ બતાવ્યા. ૨૦૧૨ પછી બધી સંસ્થાઓમાં દ્વિતીય હરોળના કાર્યકરોને સંચાલન સોંપવાનું શરૂ કરી દીધું.

લોહીથી સિંચેલી સંસ્થાઓને નવા કાર્યકરોને સોંપવી એ પીડા, પ્રસવની વેદના જેવી હોય છે; શરીરના અંગને છૂટું પાડીને અન્યને સોંપવા જેવું આ અઘરું કામછે. કથાનાયકે તે કરી બતાવ્યું જેથી જીવનનાં અંતિમતબક્કે તેનાં સપનાને યુવાટીમનાં હાથમાં ધબકતા જોઈ શકે!

આમતો, કથાનાયકનું આ આત્મકથન છે, જેનાં પ્રસંગો તમારા હ્રદયને ઝંકોરી દે છે અને એ જ કારણે આ દસ્તાવેજી આત્મકથા, નવલકથા પણ લાગે છે તો કોઈ વ્યકિત કે સંસ્થાને સામાજિકક્ષેત્રે કામ કરવા માટે ઓકિસજન પૂરો પાડે છે.

આજે ૮૫ વર્ષની વયના કથાનાયકની જિંદગીમાં આ દરેક સંસ્થાઓએ અવનવા રંગો પૂર્યા છે અને તેનો પરિવાર માત્ર ચાર બાળકો પૂરતો સીમિત ન રહેતા લાખો લોકો સુધી વિસ્તર્યો છે.

**બેસતું વર્ષ સંવત ૨૦૭૬**
**૨૮ ઑકટોબર-૨૦૧૯**
**ભાવનગર**

**-બિપિન શાહ**



A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:29:46 PM

# અનંત ત્રિપુટી

## ૧૯૫૪થી શરૂ કરેલી સામાજિક સેવાઓ અને અંપગોની સેવાકીય પ્રવૃત્તિઓના સહપ્રવાસીઓ (ડાબેથી સર્વશ્રી અનંત એચ. રાવળ, અનંત કે. શાહ તથા અનંત એ. શાહ)

આજથી પાંસઠ વર્ષ પૂર્વે, આંખોમાં સ્વપ્નો આંજીને, શ્રદ્ધા, હિંમત અને સમભાવનું પાથેય ફાળિયે બાંધીને નીકળી પડેલા ત્રણ ભેખધારી નવજવાનોએ, ભાવેણાની ધરા પર એક વિશિષ્ટ પ્રકારનો ઈતિહાસ રચી આપ્યો. ઘટમાં ઘોડા થનગનતા હોય એ ઉંમરે, ઉપાશ્રયના ઓટલે બેસી, વિશિષ્ટ રીતે સમાજસેવા કરવાના સ્વપ્નો સાકાર કરવા, નવલોહિયા આ જવાનોએ શ્રવણમંદ બાળકોની શાળાનો આરંભ કર્યો. તે કાળે આ પ્રકારનું કાર્ય અંધારા ઓરડામાં સોય ગોતવા જેવું કપરું હતું. ખિસ્સામાં કાણી કોડીયે નહીં, પણ હૈડે અપાર હામ અને પ્રબળ પુરુષાર્થ, તે દિવસની ઘડી અને આજનો દિ' - પાછું વાળીને જોયું નહિ. રાત-દિવસના અખંડ અને આકરા, તેમનાં નિષ્ઠાભર્યા પ્રયાસોએ, અનેક તડકા-છાયા જોયા પછી આ ત્રણ અનંતની વિરલ ત્રિપુટીએ સંસ્થાને વિકાસની આ મંજિલે પહોંચાડી છે. એક સમય એવો પણ હતો કે સંસ્થાને તેના નિભાવ માટે દાતાઓના દર-દર પર ભટકવું પડતું હતું. આજે? આજે નામી-અનામી કેંક દાતાઓ સામેથી આવીને દાન આપી જાય છે! એક દિવસે સંસ્થાને ભાડાનાં મકાનના પણ સાંસા હતા, આજે આલિશાન ઈમારતો, સાઉન્ડ પ્રુફ, એરકંડિશન્ડ ઓડિટોરિયમ અને શ્રવણમંદો માટે આવશ્યક તમામ ભૌતિક સુવિધાઓ! એક કાળે શાળામાં પરંપરાગત રૂઢિવાદી શિક્ષણ અપાતું, આજે ગુજરાતભરમાં શ્રવણમંદોના શિક્ષણક્ષેત્રે, નૂતન વૈજ્ઞાનિક અભિગમો અને ટેકનોલોજીનો પ્રકાશ ફેલાવતી આ સંસ્થા જ્વલંત મશાલ લઈને ઊભી છે. એક વેળાએ શાળાના વિદ્યાર્થીઓને



A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:29:53 PM

ઘેર-ઘેર બોલાવવા જવા પડતાં આજે વિદ્યાર્થીઓને પ્રવેશ માટે દુઃખપૂર્વક ના પાડવી પડે છે. એક સમયે આ સંસ્થાનું કાર્યક્ષેત્ર ભાવનગર પુરતું મર્યાદિત હતું, આજે તેની ક્ષિતિજો દુનિયાભરમાં વિસ્તરી છે.

આ બધું શકય અને સાકાર થયું છે કેમકે તેના પાયામાં આ ત્રિપુટી, અનંતબંધુઓનું તપ, તેમની દીર્ઘદ્રષ્ટિ, ધ્યેયનિષ્ઠા અને કાર્યસિદ્ધિની ગુરુ ચાવી. સતત વિકસતું તેમનું સેવાકાર્ય તેમને માનસિક વિકલાંગો, પ્રજ્ઞાચક્ષુઓ, મગજના લકવાગ્રસ્ત બાળકો અને પોલિઓગ્રસ્ત વ્યકિતઓ સુધી અને આ બધા વિકલાંગતાના મૂળ કારણરૂપ પોલિઓ અને રુબેલા જેવા રોગોના અટકાવ અને નિરાકરણ સુધી દોરી ગયું છે. સમાજ સેવારૂપી આ વટવૃક્ષને આજે અનેક શાખા - પ્રશાખાઓ ફૂટી છે.

માનવશિકત અને માનવમનની ક્ષમતાના સાચા પારખું આ ઝવેરીઓએ પોતાના છ હાથોને સહાયભૂત થવા, બીજા છસ્સો હાથોને આંતરસૂઝથી શોધી કાઢયા છે. મેનેજમેન્ટના કોઈપણ પાઠ ભણ્યા વિના આ કુશળ અને દક્ષ વહીવટકર્તાઓએ, સંસ્થાને વિકાસની અગ્રિમહરોળમાં પહોંચાડી છે. પંચોતેર વટાવી ગયેલા આ હંમેશ યુવા રહેતા મહાનુભાવો સહુના મિત્ર અને માર્ગર્શક બનીને પ્રેરિત કરી રહ્યા છે. સમસ્ત સમાજ તેમનો ઋણી છે.

ભૂખડી બારસ કોઈ શેરીનો, ભાંગ્યો તૂટયો એક ઓટલો શી રીતે સમાજસેવાનું એક તીર્થધામ બન્યો તેની આ બેમિસાલ કથાની એક ઝલક છે.

- મૃદુલા દેસાઇ

"He who would bring down the heavens here. Must himself enter into clay,
and burdens of the earthly nature bear, and tread the dolorous way”

- Shri Aurobindo (Savitri)

તા.ક. : આજે આ ત્રિપુટીનો એક તારલો અનંત રાવળ હયાત નથી.



A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday. November 22. 2019 6:30:00 PM

# અનુક્રમણિકા


## ભાગ-૧ — પાના નં.

## હું અને મારો પરિવાર ........ 20

**બચપન** ........ 22
- દાદા • દાદી • પિતાજી • માતા • નાની
- પ્રાથમિક શિક્ષણ • શાંતિકાકા

**કિશોરાવસ્થા** ........ 25
- દયાની દેવી બેનીબહેન • પિતાજીએ ઘર છોડ્યું
- કારકિર્દીની શરૂઆત • મણિકાકા • અંતે શાળામાંથી નામ કમી
- ફરીથી શિક્ષણ

**યુવાવસ્થા** ........ 28
- નોકરી • આર્ટ્સ કૉલેજમાં ઍડમિશન • હાથમાં જાણે જાદુઈ ચિરાગ
- પહેલો પડાવ • સાથી હાથ બઢાના • મૂર્ખામીભર્યું સાહસ
- ટર્નિંગ પોઈન્ટ • સરી પડેલી એક તક

**સંયુકત કુટુંબ એક સંભારણું** ........ 35
- અમારું ઘર જાણે - ઈઝરાયલનું કિબુત્ઝ
- મોસાળની છત્રછાયામાં લગ્ન

**વિભકત કુટુંબની ખાટી-મીઠી** ........ 37
- પિતાની દૂરંદેશી

**સપનાનાં વાવેતર** ........ 38

## ભાગ-૨

## ઉપાશ્રયના ઓટા પરથી ........ 40

**ઉપાશ્રયના ઓટા પરથી** ........ 42
- મિત્ર વર્તુળથી સંગઠન

**પૈસા વગરની પ્રવૃત્તિઓથી શરૂઆત** ........ 44
- બ્લૅક બોર્ડ • છાપા સ્ટેન્ડ • પુસ્તકાલય
- પ્રૌઢ શિક્ષણ રાત્રિ વર્ગો • રક્તદાન • શ્રમયજ્ઞ

**સંવેદનાનો ઝરો** ........ 46
- આનંદ-શોક ને વિષાદમાં પલટાયો • દરિદ્રનાં વેશમાં નારાયણ !
- સંવેદનાનો ઝરો સાવ સૂકાઈ તો નથી ગયો

**ઘડતર અને ચણતર** ........ 50
- પૂરપીડિતો માટે સહાય • બાળકો માટે દૂધ કેન્દ્ર • રાત્રિ વર્ગો
- ટાઈપ અને સીવણ - ભરત વર્ગ • બુક બૅન્ક
- એક અનોખું પુસ્તક બજાર

પાના નં.

**નયા સંસાર બસાયેંગે, નયા ઈન્સાન બનાયેંગે** ........ 54
- સાંસ્કૃતિક કાર્યક્રમ • મફતભાઈ સૌથી નાના કલાકાર
- 'શો મસ્ટ ગો ઑન' • રંગમાં ભંગ • નાટકમાં નાટક
- નવજવાન સંઘની સ્થાપનાનું નિમિત્ત
- હળવાફૂલ નાટકોનો ક્રેઝ • સંઘની શિસ્ત
- હૉલિડે-હોમ અને પ્રવાસ • સ્ટ્રીટ-ફિલ્મ શો
- લોકજાગૃતિ અને સંગઠન • ઘડતર અને ચણતર
- કોમી એખલાસ • સંસ્થાનું મુખપત્ર

**સામાજિક સમસ્યા નિવારણ** ........ 60
- પીડિતોના હમદર્દ - કનુભાઈ ઠક્કર

**સાંપ્રત સમાજની વધુ એક ઘટના** ........ 62
- ખૂન-ખૂનનો શોરબકોર • મુખ્ય સૂત્રધાર

**શેતાનના સકંજામાં ગભરુ બાળા** ........ 65
- સૌંદર્ય જ કેટલીક વખત સ્ત્રીઓનું વેરી બની જતું હોય છે
- ષડ્યંત્રની સૂત્રધાર બેનપણી શ્રદ્ધા • લોઢાથી લોઢું કપાય

**કાળુ ભીલ, લુખ્ખાઓનો સરદાર** ........ 69
- મોકો જોઈને આડો પડ્યો • નક્કી આ પાછળથી ઘા કરશે

**છૂતાછૂત અને અસ્પૃશ્યતા** ........ 71
- દરેક જીવમાં ભગવાનનો વાસ છે • ગાંધીજીની ઝુંબેશ
- એ બધું ખરું પણ હરિજન નહીં, સમજ્યો ?
- અસ્પૃશ્યો સાથે અલ્પાહાર

**મ્યુનિસિપલ ચૂંટણીનો જંગ** ........ 74
- વૉર્ડ નાનો પણ સમસ્યાઓ મોટી • શરણાગતિ હરગિજ નહીં
- નાગરિક સમિતિની રચના • બહુમતિથી વિજય
- લઘુમતિનું રાજકારણ • બહેનો બેધડક પહોંચતી
- ચૂંટણીના કાવાદાવા • 'તુમ ફિકર મત કરના, જબાન દિયા હૈ'
- દરબારગઢ વૉર્ડ એટલે અમદાવાદનો ખાડિયા

**કહેતા ભી દીવાના, ઔર સૂનતા ભી !** ........ 78
- બોલાવ તારા શેઠને... • 'પતાવટ કરવા તૈયાર !'
- રંગે હાથ ઝડપાયા • એટેચી લઈને ઘરે આવ્યા
- કોર્ટો ગરીબોને ન્યાય નહીં આપી શકે
- કહેતા ભી દીવાના ઔર સૂનતા ભી !

**આખરે ક્રીડાંગણની જમીન મળી પણ...** ........ 81
- બળવંતરાય મહેતાની ઐતિહાસિક મુલાકાત
- ક્રીડાંગણને બદલે પ્રસૂતિગૃહ




A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:30:07 PM

# અનુક્રમણિકા


| | પાના નં. |
|---|---|
| સખાવત સાથે સમાજસેવાના રંગે રંગાયેલા શશીભાઈ વાઘર | 83 |
| • સંવેદનાથી ભરેલા માણસ | |
| લોઢાવાળા માતૃત્વ અને બાળ હૉસ્પિટલની સ્થાપના | 84 |
| • ડોનેશન : ખાટામીઠા અનુભવો • પ્રસૂતિગૃહનો શ્રેષ્ઠ સમય | |
| ઈ.એન.ટી. હૉસ્પિટલની સુવિધા | 88 |
| • ડૉ. માનસેતાના ઓ.પી.ડી.થી શરૂઆત<br>• અદ્યતન ઈ.એન.ટી. હૉસ્પિટલનો નિર્ધાર<br>• ઇ.એન.ટી. હૉસ્પિટલનું ખાતમુહૂર્ત<br>• માનવી ધારે છે કાંઈક અને ઈશ્વર કરે છે કાંઈક<br>• જયંતીભાઈની સ્મૃતિમાં નેત્ર-ચિકિત્સા વિભાગ<br>• દંતચિકિત્સા વિભાગ | |
| રાહતનિધિ ફંડ : પ્રણેતા પ્રતાપભાઈ અને રશ્મિબહેન પારેખ | 92 |
| • દર્દી રાહતનિધિ • રશ્મિ મનહર સહાયનિધિ • ભારત પ્રવાસ<br>• કોકિલયર ઈમ્પ્લાન્ટ • શિક્ષણમાં વૈજ્ઞાનિક અભિગમ | |
| સફળતાનું રહસ્ય | 94 |
| • ગૌરવ સાથે કહેવું પડે • સેવા આપનારા તજજ્ઞો અને પરિચારિકાઓ<br>• હૉસ્પિટલનું આધુનિકીકરણ • સફળતાનું રહસ્ય | |
| નેતૃત્વનો ઉદય અને પડકાર | 98 |
| • નેતૃત્વનો ઉદય અને પડકાર • સફળ મૅનેજમેન્ટની ચાવી<br>• સફળતાના સુકાનીઓ • સંસ્થાની પ્રથમ હરોળની ટીમ<br>• દ્વિતીય હરોળ | |
| **ભાગ-૩**<br>**મારા સપનાની શાળા** | 102 |
| બહેરાં મૂંગાં શાળાનાં શ્રીગણેશ | 106 |
| • ફક્ત અનુકંપા અને કાંઈક કરી છૂટવાની તમન્ના<br>• વાલીઓની સક્રિય ભૂમિકા • જ્યોતિબાળાનો સુખી સંસાર | |
| ચંદ્રવિલામાં પ્રસ્થાન | 110 |
| • મકાન ખાલી કરવાની નોબત આવી • છોકરાઓનું છાત્રાલય | |
| કોરીકોરી આંખોમાં ભીનાંભીનાં સપનાં | 112 |
| • હા, મારે મારા બાપાનું નામ રાખવું છે.<br>• કોરીકોરી આંખોમાં ભીનાંભીનાં સપનાં | |
| લેવા ગયા ભાડે, મળ્યું ભેટ | 114 |
| • શાળાનું નામકરણ | |
| 'ચંદ્રવિલા'માંથી ગગનવિહારી મહેતાના મકાનમાં... | 115 |
| અમારી ધરપકડ અને છુટકારો | 116 |
| • ટ્રસ્ટી છો તો કાયદો હાથમાં લેવાનો ?<br>• અમે દોરેલા કુંડાળામાં અમે જ ફસાયા<br>• સમાજની વાસ્તવિકતાનું બીજું પાસું<br>• જેવા સાથે તેવા થવું પડે<br>• અમારી ધરપકડ અને છૂટકારો | |
| અનિલભાઈ અને કૌમુદિનીબહેને છાત્રાલયમાં ચમત્કાર કર્યો | 121 |
| • ગૃહમાતાના કૌશલ્યની કસોટી<br>• કૌમુદિનીબહેન ગાંધીએ કેડી કંડારી • ડોનેશન ઈન કાઈન્ડ | |
| મનમાં ગાંઠ વાળી | 123 |
| • સલાહ, કાંતિસેન શ્રોફની | |
| શાળાનું પોતીકું મકાન બાંધવાનો સંકલ્પ | 124 |
| • એક મકાનમાંથી બીજામાં, હવે આ ચલકચલાણાથી થાક્યા | |
| 'રોયલ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ'(યુ.કે.)નું માર્ગદર્શન | 125 |
| • મફત જમીન આપી છે ને વળી પાછી દેવા આવ્યા છો ?<br>• જમીન માટે સંઘર્ષનો સુખદ અંત | |
| એક આદર્શ શાળાની ઝંખના | 126 |
| • ઘૂડી નિશાળ • પૃથ્વી પરનું સ્વર્ગ<br>• આદર્શ શાળાના સપના વેરવિખેર | |
| શ્રીમતી ઈન્દિરાજીના વરદ્ હસ્તે શાળાનો શિલાન્યાસ | 128 |
| 'ફંડ ડ્રાઈવનો ફોગટ ફેરો' | 130 |
| • ગાજતે-વાજતે પહોંચ્યા કલકત્તા • ફંડનો પ્રતિસાદ ઠંડો<br>• નિષ્ફળતામાંથી બોધપાઠ | |
| આખરે નોકરીને અલવિદા | 133 |
| • નોકરી અને સેવા બે સાથે ન થાય !<br>• 'જીવનભર ચીટકીને બેસીશ અને ગરીબોની સેવા કરીશ.'<br>• નોકરીને અલવિદા<br>• સેવકના પરિવારની ચિંતા ખુદ ભગવાન કરે છે<br>• મારા સાથીઓ | |




A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:30:15 PM

# અનુક્રમણિકા


પાના નં.

**ઝિંદાદિલ સાથી અન્તુભાઈ રાવળ** ........ 136
- ડરે એ અંતુ રાવળ નહીં • ખભેખભા મિલાવીને

**ત્રિપુટીમાં એક મફતભાઈ** ........ 137
- કુશળ એડમિનિસ્ટ્રેટર

**કરકસરનો બીજો ભાઈ કાંતિકાકા** ........ 138
- કાકા સેવાના રંગે રંગાયા

**ચંદુકાકા અમારા ગુરુ** ........ 139
- અનિલભાઈએ ચિંતાનો ઉકેલ બતાવ્યો
- કાકા પોતે સ્વાવલંબી • ડીનર ડિપ્લોમસી

**મારા સપનાની શાળા** ........ 142
- ખંડિત સપના

**એક અદ્ભુત અને અનોખા સંકુલનું સર્જન** ........ 144
- શાળા જેલ જેવી તો ન જ હોવી જોઈએ

**'એક વિચાર જ્યારે ચિત્તનો કબજો લે છે'** ........ 146
- શ્રવણમંદોના શિક્ષણની સમસ્યા
- આપણે શ્રવણમંદોના શિક્ષણમાં સદીઓ પાછળ છીએ
- અમેરિકન તજજ્ઞોની ટીમનો ચોંકાવનારો રિપોર્ટ
- એક વિચાર જ્યારે ચિત્તનો કબજો લે છે

**વિશિષ્ટ શાળામાં પ્લાનિંગ અને ડિઝાઈનિંગનું મહત્ત્વ** ........ 150
- એક મૉડેલ સ્કૂલ • અદ્ભુત છે તમારી શાળા !
- ભાવનગરની પ્રતિકૃતિ જેવી શાળાનું નિર્માણ નડિયાદમાં...
- પ્લાનિંગ અને ડિઝાઈનિંગની રસપ્રદ વાતો
- જમીનની પસંદગી • આર્કિટેક્ટનું મહત્ત્વ
- પથ્થરનું મકાન, મેન્ટનન્સ ફ્રી • વર્ગખંડનું યોજનાપૂર્વક આયોજન
- આકર્ષક રંગોનું વૈવિધ્ય અને બ્રિકના સ્લેબ
- ઓડિટોરિયમ • મહેનત, ધગશ અને સમર્પણની ભાવનાનું મૂલ્ય

**માનો યા ના માનો, સંસ્થાનુ પણ નસીબ હોય છે !** ........ 158
- સંસ્થાને નસીબ હોતું હશે ? • કમળાબહેને પ્રોપર્ટી દાનમાં આપી
- પાસા સીધા પડવા લાગ્યા • શિરે મોટી જવાબદારી
- ન કરે નારાયણ અને કાંઈક થશે તો ?
- લીધેલી વાત ન મૂકવાનો આગ્રહ
- દસ્તાવેજ કરી આપવા ઉપર પ્રશ્નાર્થ મુકાઈ ગયો
- જીવનની છેલ્લી ઘડી સુધી વચનબદ્ધતા
- બાબા, મારે હવે બંગલાનો ખપ નથી

**રઝળપાટનો અંત** ........ 162
- ઈ.એ.આર. સેન્ટર ઉપયોગી જણાયું
- હર્ષાબહેન ત્રિવેદીની તાલીમ માટે પસંદગી

પાના નં.

**શ્રીમતી કુસુમબહેન : શિક્ષણની ક્રાંતિનાં જનેતા** ........ 164
- અમે ગાડું ગબડાવે જતાં • આ તો બહુ કહેવાય !
- કૌશલ્યવાન શિક્ષકોનું ઘડતર • ભાષા વિકાસના દ્વાર ખોલ્યાં
- વર્લ્ડ કોન્ફરન્સ અને વિશ્વનું પરિભ્રમણ
- માતાઓની તાલીમનો સિલસિલો શરૂ
- શ્રવણમંદ શિક્ષણની ક્રાંતિના જનેતા

**ફ્રમાતાની આંખોમાં હર્ષનાં આંસુ'** ........ 169

**ગીત-સંગીત - સંસ્થાનું હાર્દ** ........ 171
- મુક્ત અને નિર્ભય વાતાવરણ
- સંગીતપ્રેમી નટવરભાઈ કલા અને કલાકારના પારખુ
- શ્રેષ્ઠ ગાયકો અને સંગીતકારો

**એક કદમ આગે...અમારી તાલીમી કૉલેજ** ........ 174
- મોટો પડકાર • સંસ્થાને ઍવોર્ડ
- ઇ.ઊમ. ના મંગલાચરણ • એક કદમ આગે

**મધર્સ ટ્રેનિંગ કોર્સ** ........ 177
- સાઈનની સમસ્યા • માતાની મહેનત રંગ લાવી
- સમદુખિયાના સહિયારા પ્રયાસ • કુસુમ રીહેબ સેન્ટર

**શ્રવણમંદોની શાળામાં ઓડિયોલોજી અને સ્પિચનું મહત્ત્વ** ........ 181
- લાખો બાળકો શ્રવણખાધ સાથે જન્મે છે
- બાળક મૂંગું નથી બહેરું છે
- ટુ-રૂમ સિસ્ટમનો અદ્યતન ઓડિયોરૂમ

**શ્રવણયંત્રની સમસ્યા** ........ 183
- મેન્ટનન્સ અનિવાર્ય થઈ પડ્યું
- પ્રવીણભાઈ રૂપેરાને સેવાનો રંગ લાગ્યો
- એક નિષ્ઠાવાન કાર્યકરની ખોટ પડી

**શ્રવણમંદોના રોજગાર માટે રતિલાલ આણંદજી દોશી મૂક પ્રિન્ટરી** ........ 185
- મૂક પ્રિન્ટરી
- અસ્તિત્વ માટે સંઘર્ષ : હિતેશ અને સંજયની સાફલ્યગાથા

**ઈન્ફર્મેશન ટૅક્નોલૉજીનો આવિષ્કાર** ........ 187
- પરષોત્તમભાઈ નાગરદાસ દેસાઈ કૉમ્પ્યૂટર સેન્ટરની સ્થાપના

**શાળાનું શિક્ષણ પાયાનો પ્રશ્ન** ........ 189




A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:30:22 PM

## અનુક્રમણિકા


પાના નં.

**ઔદ્યોગિક તાલીમ ભરણ પોષણ માટે પ્રર્યાપ્ત નથી** ........ 190
- એક સંશોધન પેપર • નેહાબહેન ભટ્ટ
- બિન્દીબહેન ત્રિવેદી • માઈક્રોસાઈનના નિશીથભાઈ મહેતા
- મનન શાહ • અનુપા શાહ

**ક્લિનચીટ** ........ 192
- આમંત્રણ • ત્રણ લાખની એન્ડોવમેન્ટ ગ્રાન્ટ
- ગામમાં તેજોદ્વેષીઓનો તોટો નથી

**'મિયા પડ્યા પણ ટંગડી ઊંચી'** ........ 194
- બાંધકામ સામે સ્ટે

**એક્સપોઝડ બ્રિકનું બેનમૂન આર્કિટેક્ચર** ........ 196
- ઐતિહાસિક વારસો

**હલન-ચલનની ક્ષમતા વધારતું પ્રભાકુંવર રતિલાલ વાધર વિકલાંગ સાધન સહાય કેન્દ્ર** ........ 198
- ઉછામણીમાં વાત વટે ચડી

**કમળાબહેન રતિલાલ દોશી ઈનફન્ટ ટ્રેનિંગ સેન્ટર** ........ 199
- 'મુદત પર મુદત' • ઋણ અદા કર્યું • ઉપયોગી સુવિધા

**જીકો** ........ 200

**ઘરથી દૂર એક ઘર, મહેતા હૉસ્ટેલ ફોર ધી ડેફ** ........ 202
- પથ્થરના કપચાનો વેસ્ટ
- વેસ્ટમાંથી બેસ્ટ છાત્રાલયના મકાનનો પ્લાન

**પંડ નાનું અને કામ મોટું, એવા શામજીકાકા** ........ 205
- મુંબઈ કમિટી • સંસ્થાને આર્થિક સધ્ધર બનાવવાનું આયોજન
- સંસ્થાનું ગ્લોબલાઈઝેશન

**મુંબઈમાં ધામા** ........ 209
- રોટલો મળે પણ ઓટલો ન મળે • બાળકોને રસ-પૂરી અને પાણીપૂરી
- મુંબઈમાં ટીમના ધામા

**સટોડિયાઓની સાથે** ........ 211
- 'કોઈ ભી તીન પત્તી નિકાલીયે'

**એક સંવેદનશીલ અધિકારી કુ. દિવ્યાબહેન મારવાડી** ........ 212
- સાદા, સરળ, ચૂસ્ત ગાંધીવાદી • વેદ નહીં વેદના વાંચતા
- જીદ કરી મંજૂરી લીધી • હૃદય દ્રવી ઊઠ્યું

**અંતે રમતનું મેદાન મળ્યું** ........ 214
- સત્તા પાસે શાણપણ ન ચાલે • ધાર્યું ધણીનું થાય
- રમત-ગમતથી સર્વાંગી વિકાસ

પાના નં.

**સરકાર સાથે સંઘર્ષના મંડાણ** ........ 216
- તંગ આવી ગયા હતા • સંસ્થા સંચાલક સંઘની સ્થાપના
- મોઢા સુધી આવેલો કોળિયો • મારા મનમાં ભારોભાર રોષ હતો-નવા નિયમો તૈયાર • અધિવેશનમાં મુખ્યમંત્રી ચિમનભાઈ પટેલ

**શિરમોર સમું મહાવીર ઓડિટોરિયમ બનતા બની ગયું** ........ 220
- અમે થાકી ગયા, કહો કે હાંફી ગયા
- ખુદ દાતાને પૈસાની જરૂર પડી, પૈસા પાછા માગ્યા
- વૃજલાલ મહેતાનું દાન મળ્યું

**ઉચ્ચ શિક્ષણના બંધ દ્વાર શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક શાળા થકી ખૂલ્યા** ........ 222
- સંવેદના જાગી • મોટી રકમના દાતા મળવા મુશ્કેલ
- જીતુભાઈ મહેતા મળ્યા, જાણે ભગવાન મળ્યા
- અમે હાશકારો અનુભવ્યો • ઉદ્ઘાટન સમારંભ

**શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય યુવા છાત્રોની સમસ્યાનો ઉકેલ** ........ 225
- શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય
- યુવક યુવતિઓ માટે એક જ સંકુલ હતું
- મોહનભાઈ પટેલ ગુજરાતીઓનું ગૌરવ
- છાત્રાલય માટે એક કરોડનું દાન

**શ્રવણમંદોના લગ્નની વિકટ સમસ્યા** ........ 227
- વાલીઓની ચિંતા • સંસ્થામાં મૅરેજ-બ્યુરોની શરૂઆત
- જીવનસાથી પસંદગી મેળો • હંસા અને અમિત • વર્ષા-સાગર
- મિરલ-દીપક • અદિતિ-દર્શીત • મહેન્દ્ર-નીતા
- અમિત-તેજલ • જીગર-અમિતા

**સંસ્થાના વિકાસમાં 'કોશિશ' માસિકનું મહત્ત્વ** ........ 230
- કૉમ્યુનિકેશન સ્કિલ સફળતાનો આધાર
- 'ધૂપસળી' માસિક પત્રિકા • વિકાસમાં 'કોશિશ'નું મહત્ત્વ

**જાદુ મંતર કે રૂહાની તાકાતથી મૂંગાંને બોલતા કરવાની પોકળ વાતો** ........ 323
- હલિમા બેગમ દુઆ લેવા પહોંચી • ચમત્કારની આશા

**સી.એમ. અને પી.એમ. નરેન્દ્રભાઈ મોદી સંસ્થાના બાળકો વચ્ચે** ........ 234
- જાતભાઈ આવ્યો છે
- રો-રો ફેરીમાં દિવ્યાંગ બાળકો સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી




A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:30:29 PM

# અનુક્રમણિકા


પાના નં.

**બહેરાં-મૂંગાં સંસ્થામાં નેતૃત્વ પરિવર્તન અને પડકાર** ..... 237
- તમારા પછી કોણ ? બાબાભાઈ ! • પરિવર્તન દાપુ માગે છે
- પરિવર્તન અને પડકાર

## ભાગ-૪
## 'અંકુર' ..... 240

**'અંકુર'નાં ઈતિહાસમાં ડોકિયું** ..... 242
- શાળા શરૂ કરવાનું સહેલું પરંતુ ચલાવવાનું મુશ્કેલ
- 'મારે તમને એકાંતમાં મળવું છે'

**ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ?** ..... 244
- ગીતા પાઠશાળામાં અંકુર શાળાની શરૂઆત
- દળદર ફીટવાનું નામ લેતું ન હતું
- 'શૅર ઍન્ડ કૅર' તરફથી મેટાડોર
- ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ?

**'અંકુર'નું બીજ મુરઝાતાં મુરઝાતાં રહી ગયું** ..... 247
- આખેઆખી 'અંકુર' શાળા જ લઈ ગયા !
- અંકુરનું બીજ મુરઝાતાં મુરઝાતાં રહી ગયું
- રાકેશ રાઠોડ અક્ષમ માંથી સક્ષમ

**'અંકુર'નું પોતીકા મકાનનું સપનું સિદ્ધ થયું** ..... 249
- રઝળપાટ • કાર્યકર્તાઓએ લેવા જેવો બોધપાઠ
- લીઝ હોલ્ડ પ્લોટ મળ્યો • 'અંકુર' શાળાનું અદ્‌ભુત આર્કિટેક્ચરલ
- પ્રમુખદાતા બદલાયા • બાંધકામમાં અવરોધ
- ખરી કસોટી બિલ્ડીંગ ફંડ મેળવવામાં • શાળાના મકાનનું ઉદ્‌ઘાટન
- કરજ ચૂકવાયું અને કોપર્સ ફંડ માટે ઉત્સાહ વધ્યો
- પ્રવૃત્તિઓથી ધમધમતું 'અંકુર'

**'અંકુર' શાળા : નેતૃત્વ અને પડકાર** ..... 254
- સાથી મફતભાઈ ધૂણી ધખાવીને બેઠા • નવું નેતૃત્વ
- સંસ્થાના આધારસ્થંભ • કેડી કંડારતા નેહલબેન ગઢવી
- પડકાર • સ્પેશિયલ સ્કૂલનું ભવિષ્ય

## ભાગ-૫
## ઊંડાં અંધારેથી ..... 258

**કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળાનો ઈતિહાસ** ..... 260
- અંધ લોકોનું ભવિષ્ય ન હતું
- બાપુ, આપના રાજ્યમાં અંધશાળા નથી
- એ મે'ણું મારે ભાંગવું છે • ૧૯૩૨માં કાઠિયાવાડની પહેલી અંધશાળા
- સંસ્થાનો સુવર્ણકાળ

પાના નં.

**નેતૃત્વની કસોટી** ..... 263
- શાળા બંધ કરવી પડે એવી નોબત આવી પડી
- અંધશાળાએ વિકાસની વાટ પકડી • દાનની સરવાણી
- નૈતિક મૂલ્યોનું જતન

**લાભુભાઈ સોનાણી : એક બહુમુખી વ્યક્તિત્ત્વ** ..... 266
- કુશળ વ્યવસ્થાશક્તિ
- મૅનેજમેન્ટના માણસનું તારામંડળ • ટીમ બિલ્ડીંગ
- પ્રજ્ઞાચક્ષુ પણ બ્યૂટીફિકેશનમાં માહેર
- લાભુભાઈનું સપનું • એક ઊંચી ઉડાન

## ભાગ-૬
## ગોલ્ડન એરા ઓફ પી.એન.આર. ..... 270

**પ્રવૃત્તિમાં નિર્ણાયક વળાંક** ..... 274
- પોલિયો પીડિતોની ગંભીર સમસ્યા
- પ્રવૃત્તિમાં નિર્ણાયક વળાંક
- જાણે-અજાણે ક્રાફ્ટ ફોરમનું બીજ રોપાયું

**આફતને અવસરમાં પલટાવવાનો નિર્ધાર** ..... 277
- કેમ્પ ખર્ચની વ્યવસ્થા • સો દોઢસો સર્જરી
- મીટિંગમાં સન્નાટો છવાઈ ગયો
- આફતને અવસરમાં પલટાવવાનો નિર્ધાર

**ગોઝારો અકસ્માત** ..... 279
- ગાડીનું સપનું • દાતાઓનાં માનીતા મનુભાઈ શેઠ
- વાન જોઈને ઠરી જ ગયા • ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો
- હર્ષના આંસુ

**પહેલો પોલિયો ઓપરેશન કેમ્પ સંપન્ન થયો** ..... 281
- અનિશ્ચિતતાનો અંત • લોકો હોંશે હોંશે સેવામાં જોડાયા
- રાજુલાએ રંગ રાખ્યો

**સ્વયંભૂ જુવાળ** ..... 283
- ૧૦૦૦ ઑપરેશનનો સંકલ્પ
- કૃષ્ણકાંત ચિત્તલિયા મુંબઈના ભોમિયા

**વર્લ્ડ રેકૉર્ડ** ..... 285
- હરકિશનદાસ મહેતાએ મીટિંગ બોલાવી
- ૧૫૦૦ ઑપરેશનનો લક્ષ્યાંક • વર્લ્ડ રેકૉર્ડ
- કૅમ્પનું નેતૃત્વ • ભક્તિની સાફલ્ય ગાથા
- સંસ્થાના વિકાસનું રહસ્ય




A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:30:36 PM

# અનુક્રમણિકા


પાના નં.

**કૃત્રિમ પગ બનાવવાનું સાહસ** ..... 287
- પગ કપાયેલા લાખો પીડિતો
- સસ્તી અને સારી સ્વદેશી ટૅક્નૉલૉજી
- કોઈનો એક, તો કોઈના બે પગ કપાયેલા
- એક્ટ્રેસ સુધા ચંદ્રનનો પગ માનસીંગે બનાવેલો
- ‘માનસીંગ તમને સારો નીવડશે’
- ઈચ્છાશક્તિ અને મક્કમ મનોબળ
- પોલિયોપીડિતોને ઘરઆંગણે કેલિપર

**વિજય નાયક અને પ્રભાકૂટ** ..... 291
- ‘પગાર માટે નહીં, કામ માટે આવ્યો છું: નાયક’
- ‘આ યુવાન એસેટ્સ બની રહેશે’
- પ્રભાકૂટનું સંશોધન • જયબાળાનું પ્રસ્થાન
- પોલિસેન્ટ્રિક ની-બ્રેસ

**મફતકાકા : હાથે લોઢું હૈયે મીણ** ..... 294
- માનવધર્મના હિમાયતી • દિવસ રાત માનવ સેવા
- અમારું શું થશે ? • ચાલતી પકડી
- કાકા ભાવવિભોર થઈ ગયા • દંભ સામે રોષ અને વેદના
- કાકા, વરસ્યા તે કેવા ! • કાકાનું મહત્ત્વનું પ્રદાન

**પી.એન.આર. સોસાયટીની સ્થાપના** ..... 298
- આશા કિરણ • વિઝન અને મિશન
- પોલિયો સર્જરી જ કેમ ? • નિરંતર સેવા માટે ભંડોળ

**પી.એન.આર. સોસાયટીના પ્રમુખદાતાઃ કાંતિભાઈ શાહ, એક જુદી માટીના માનવી** ..... 300
- મૂડી, માતૃસંસ્કારની • સંસ્થા બચી ગઈ
- ડે કેર સેન્ટર • ઓટિઝમ સ્કૂલ

**સર જોન વિલ્સન સાથે મુલાકાત** ..... 303
- ભાવી ડામાડોળ • સર જોન એક વિરલ વ્યક્તિત્ત્વ
- સર જોન વિલ્સન સાથે મુલાકાત

**ડૉ. જીંજર વિલ્સનનું આગમન** ..... 304
- જીંજર વિલ્સનના આગમન સાથે માહોલ બદલાયો
- ડૉ. જીંજર વિલ્સન બ્રિટનના સિનિયર ઑર્થોપેડિક સર્જન
- ગણતરીપૂર્વકનું જોખમ લીધું • ફોલોઅપ અને ઓપરેશન
- ડૉ. વખારિયા સેવાના રંગે રંગાઈ ગયા
- પોલિયો કૅમ્પની ફિલસૂફી

**પોલિયો પીડિતો માટે હૉસ્પિટલનું નિર્માણ** ..... 308
- પોલિયો ગાડી • અદ્યતન હૉસ્પિટલનું નિર્માણ
- નવતર પ્રયોગ • જીતુભાઈ મહેતાનું ઉત્તમ દૃષ્ટાંત

પાના નં.

**કરુણા મોટો ધર્મ - દાતા ખુશેન્દ્રભાઈ દેસાઈ** ..... 310
- પ્રેરણા લેવા જેવી કથા • પતિ, પત્નીના ધર્મ જુદા, પણ...
- સાસુ-વહુની ગજનબી જોડી • પ્રાર્થનાસભાનો સિલસિલો
- બુંદબુંદ બને સાગર • કરુણા મોટો ધર્મ

**સહાય કરતાં સફળતા મોટી** ..... 313
- લડાયક માણસ • આંતરરાષ્ટ્રીય માન્યતા
- ગણેશજીના ચાહક

**કનૈયા નહીં, કન્હૈયા** ..... 315
- કન્હૈયા ભીખ પણ માગે છે અને ભણે પણ છે

**નાથી હાઉ સ્વીટ !** ..... 316
- વિલ્સન નાચી ઊઠ્યા

**શ્રીમતી કલેર હિક્સ : વણથંભી વિકાસકૂચના સાથી** ..... 317
- તાણાવાણ ગૂંથવાનું કામ • સંબંધો ભાઈ બહેનના
- કચ્છનો ધરતીકંપ • મહત્ત્વનું યોગદાન • જુડી સ્ટેગ

**જોન હાટ : ફ્રી લાન્સ જર્નાલિસ્ટ** ..... 319
- વિશ્વના ફલક પર • ‘ધી ટ્રોપીકલ ટ્રાવેલર’ • ઉત્તમ દૃષ્ટાંત

**ડૉ. બ્રિન્ડા લક : સાઈકલવાળી સ્વયંસેવિકા** ..... 320
- આંખનાં ભવાં ચડી ગયાં

**ભાવથી ભરેલા ટિફિન** ..... 321
- ભૂખ્યાં પેટની વેદના • ૨૫૦૦ અન્નદાતા
- ભાવનાથી ભરેલા ટિફિન

**શેર એન્ડ કેર અને હાર્ટ એન્ડ હેન્ડ ફોર ધી હેન્ડિકેપ્ડ** ..... 322
- ટીપે ટીપે સરોવર ભરાય • ૩ઇ નું ડીનર ટેબલ ડોનેશન

**વજુભાઈ મહેતાઃ દરિયાદિલ દાતા** ..... 325
- માનવમંદિરની જાત્રા • અહમ્ કે અભિમાન વગર સહજભાવે દાન
- ક્રેડિબિલિટીનો ખ્યાલ આવી ગયો

**ગોલ્ડન એરા ઓફ પી.એન.આર. ડૉ. સરધારવાલા : એક ફ્રેન્ડ, ફિલોસોફર એન્ડ ગાઈડ** ..... 328
- ગોલ્ડન એરા - સુવર્ણકાળ • સંબંધનો સેતુ • પહેલા ઈન્ડિયન
- બરાબરીનો દરજ્જો • સંસ્થાનું ઉજ્જવળ ભવિષ્ય • કાયાપલટ
- દિલ જીતી શક્યા • મોસાળમાં જમવાનું અને માઁ...

**મોંઘેરા મહેમાન સર જોન વિલ્સન** ..... 331
- નિમંત્રણ • આનંદનો માહોલ • રેલીને ફ્લેગ ઓફ




A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:30:43 PM

# અનુક્રમણિકા


પાના નં.

કરુણાભીની આંખો ........ 334

લાસ્ટ વિલ ઓફ લિયોનાર્ડ માર્ક ........ 335
- મધુમિતાનો મેલ • ઘેરાતું રહસ્ય
- તથ્ય જણાયું • લિયોનાર્ડને અંજલિ

જેરી જોન્સનુ 'સો હમ્' ........ 337
- શાંતિની શોધમાં... • જોઈને દ્રવિત થઈ ગયા
- નિરંતર સહાય • વનટાઈમ સ્પેશિયલ ગિફ્ટ : વેલ બેબી ક્લિનિક

સંવેદનાની પાંખે જોન એસ્કેન્ઝી પરિવાર ........ 339
- પોઝિટિવ ન્યૂઝની તાકાત • સેવાનો રંગ લાગ્યો
- બાળકો સંવેદનશીલ હોય છે
- ડિસેબલ્ડને એબલ્ડ બનાવવાની ધગશ

કચ્છનો ધરતીકંપ ........ 341
- ધરા ધ્રુજી ઊઠી અને • 'મરેલાં કરતાં જીવતાંની પીડા વધુ
- ભચાઉમાં અમે કાફલો ઉતાર્યો • ભચાઉમાં બેઝકેમ્પ હૉસ્પિટલ
- કોમ્પલેક્સ સર્જરી • એક તરફ વિનાશ, બીજી તરફ સર્જન
- ભૂખ્યાને ભોજન • કડકડતી ઠંડીમાં ટેન્ટ • લાઈફલાઈન એક્સપ્રેસ
- રિહેબિલિટેશન સેન્ટર • ઍમ્બ્યુલન્સ સેવા
- પ્રજ્ઞાચક્ષુઓને રોકડ સહાય • વિધવાઓને મકાન • શાળાનાં ઓરડા
- બિલ ક્લિન્ટને પ્રશંસા કરી • એક કરોડ વપરાયાં
- પ્રશંસાને બદલે પેનલ્ટી

શ્રીમતી માલતીબહેન અને શ્રી શ્યામલાલ દલાલ હૅન્ડિકેપ્ડ વેલ્ફેર કોર્પસ ફંડઃ વિકલાંગોને સાધન સહાયનો નવતર પ્રયોગ ........ 348
- હૅન્ડિકેપ્ડ વેલ્ફેર કોર્પસ ફંડ • કાકાની મરણમૂડીનું દાન
- રાજભાઈએ સૌનો ઉત્સાહ વધાર્યો • સાસુની સ્મૃતિમાં વહુનું દાન
- નવતર પ્રયોગનો ચમત્કાર

બાંગ્લાદેશની યાદગાર મુલાકાત ........ 351
- ટૅક્નૉલૉજી ટ્રાન્સફર • લોકજીવનના દર્શન • ફિસ પોન્ડ
- ફ્લોટિંગ હૉસ્પિટલ • સેન્ટરનુ ઉદ્ઘાટન • મધર્સ ક્લબ
- ઢાકામાં ભાવતું ભોજન • સિમ્બોલ ઓફ કોમ્યુનલ હારમૉની

ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પોલિયો કરેક્ટિવ સર્જરી ........ 355
- રોલ ઓફ કેમ્પ સર્જરી

ફંડ ડ્રાઈવ માટે વિદેશ પ્રવાસ ........ 356
- બાબુભાઈને વિચાર સ્ફુર્યો • ફેરવેલથી ફંડની શરૂઆત
- સ્નેહી, મિત્રોનો સહયોગ • લેડી એગ્રેમોન્ટના પેલેસમાં
- લેડી વિલ્સનના કૉટેજ પર • ગુજરાતીઓનો દબદબો
- ઈમ્પેક્ટની મુલાકાત • સત્સંગ મંડળોમાં
- માન્ચેસ્ટરમાં સારો પ્રતિસાદ • લક્ષ્યાંક સિદ્ધિ

પાના નં.

જબાનથી દિલોને જીતવાની કળાના જાદુગર નટવરભાઈ દેસાઈ ........ 365
- શૂન્યાવકાશ • નટવરભાઈએ સુકાન સંભાળ્યું
- સંસ્થાઓનો અદ્ભુત વિકાસ
- ભાઈનું માર્કેટિંગ અને નાણાનો પ્રવાહ
- લોકાર્પણ કાર્યક્રમો • દ્વિતિય હરોળ

નટરાજ કૉલેજ, એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ........ 367
- રિહેબિલિટેશન પ્રૉફશનલની અછત
- હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ માટે કોલેજ
- નટરાજના પ્રમુખ દાતા બાબુભાઈ સંઘવી
- મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પાર પડ્યો
- હાઈટેક ઈન્કલ્યુઝિવ સ્કૂલ

મુઠ્ઠી ઊંચેરા માનવી, બાબુભાઈ સંઘવી ........ 371
- સફળ ઉદ્યોગપતિ • સફળતા પગ ચૂમે એમાં શી નવાઈ ?
- તો મંદિર.... માનવમંદિર બની જાય
- વિકલાંગોની સેવા જીવનનું મિશન
- બાબુભાઈની દીર્ઘદષ્ટિ • દેશ આખામાં પરિભ્રમણ
- જ્ઞાન, આવડત અને અનુભવ • આને કહેવાય છપ્પનની છાતી
- મૅનેજમેન્ટના પ્રશંસક • મુઠ્ઠી ઊંચેરા માનવી

નટરાજ સી.પી. સ્કૂલનું સ્વપ્ન સાકાર થયું ........ 376
- દર્દીને ના પાડી દેવાથી ફરજ પૂરી થતી નથી
- ગુજરાતમાં શૂન્યાવકાશ • પુત્રી જિજ્ઞા તૈયાર થઈ
- સી.પી. સ્કૂલની મંજુરી
- નટરાજ સી.પી. સ્કૂલ બિલ્ડીંગનું સ્વપ્ન સાકારઃ પ્રમુખદાતા હિન્દુસ્તાન પેન્સિલ્સ પ્રા.લિ.
- તાલીમી માનવ બળ • ઠેર ઠેર સેવા કેન્દ્ર
- મિસિસ આલોકા ગુહા અને સેવાને સમર્પિત જિજ્ઞા

વંચિત વિકલાંગોને પગભર કરવાનો સેવાયજ્ઞ AT&T ટૅક્નૉલૉજી પાર્કઃ પ્રફુલ્લભાઈ શાહનું બ્રેઈન ચાઈલ્ડ ........ 381
- ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીનો ચમત્કાર
- એ.ટી.એન્ડ ટી. ટૅક્નૉલૉજી પાર્કની સ્થાપના
- પ્રફુલ્લભાઈનું બ્રેઈન ચાઈલ્ડ
- મહેશભાઈ નૈથાણીનું માતબાર દાન
- એબલ્ડ... નોટ ડિસેબલ્ડ • નરેન્દ્ર રમેશચંદ્ર ભટ્ટ
- ગૌત્તમ મહાશંકર ધાંધલ્યા • જીગર પ્રવીણચંદ્ર ખિલોસીયા
- હિતેશ ઓઝા • દિનેશ કાનજીભાઈ પટેલ
- છગનભાઈ રણછોડભાઈ ખોડિફાડ • કુ. અનુપા અરવિંદરાય શાહ
- સરલા મનસુખભાઈ સોલંકી




A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:30:50 PM

# અનુક્રમણિકા


પાના નં.

**પી.એન.આર. - ઈમ્પેક્ટ (યુ.કે.) પાર્ટનરશિપ પ્રોગ્રામનું મહત્ત્વ** ..... 384

- પોલિયો ફ્રી ભાવનગર - મોટો પડકાર • રક્ષિત બાળકોનું સ્ટેટસ
- માઈક્રો પ્લાનિંગથી સફળતા
- વિકલાંગ બાળજન્મ અટકાવવા રૂબેલા રસીકરણ ઝુંબેશ
- ઉપાય માત્ર રૂબેલા રસીકરણ • દ્વિધાનો અંત
- બે લાખ મહિલાઓ વિકલાંગ બાળજન્મથી રક્ષિત બની
- બાળકોમાં અંધત્વ અને બહેરાશ અટકાવવાની ઝુંબેશ (પ્રિવેન્શન)
- ડૉક્ટરના વિકલ્પે હેલ્થ વર્કર
- આંખની ખામી શોધવાની સરળ પદ્ધતિ
- કાનની બહેરાશ શોધવાની સરળ પદ્ધતિ • ચમત્કારિ પરિણામો
- એક શિક્ષક એક દિવસ એક મિનિટ એક બાળક માટે આપે
- બાળકોની ત્રાંસી આંખની સમસ્યાનો ઉકેલ
- લેડી એગ્રેમોન્ટની ઉદાર સખાવત
- સેવાને વરેલા પિડિયાટ્રિક ઓપ્થેલમિક સર્જન ડૉ. જનક શાહ
- વયસ્કોમાં આંખના મોતિયાની સમસ્યાનો ઉકેલ
- દાયણ તાલીમ (ઝઈઅ) • પાયાનું કામ • સેફર મધરહુડ
- સર્જનહારની ક્ષતિને સુદારવાની ગુસ્તાખી
- એક ચેલેંજ કપાયેલા હોઠ-તાળવામાં કાણાની સર્જરી
- ફ્રેશ સ્ટાર્ટસ સેવામૂર્તિ ડૉ. નરેશવાઘવા
- ઉદાર દિલ જયંતભાઈ વનાણી વગેરે
- નવજાત શિશુના કલબફૂટનો ઉપચાર
- કોકિલયર ઈમ્પલાન્ટની ઠગારી આશા
- કોકિલયર સર્જરી માટે ખુશેન્દ્રભાઈ દેસાઈ અને પ્રતાપભાઈ તથા રશ્મિબહેન પારેખની ઉદાર સખાવત

**અંબાનિવાસ હૉસ્ટેલ ધીરજનું ફળ પ્રમુખ દાતા લલિતભાઈ પારેખ** ..... 397

- સંબંધો જીવંત રહ્યા • માતાની સ્મૃતિ : અંબાનિવાસ હૉસ્ટેલ
- સારા કામમાં સો વિઘ્ન

**ગટરના પાણીને શુદ્ધ કરી રોજ ૨૫૦૦૦ લિટર જળની બચત કરતો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ** ..... 400

**PNR-USA ફાઉન્ડેશનના વિઝનરી નયન દલાલ** ..... 401

- ગળથૂંથીમાં માનવસેવા
- પ્રવીણચંદ્ર દલાલ ફેમિલી ફાઉન્ડેશનનું અમૂલ્ય યોગદાન
- ડગછ-ઞજઅ ફાઉન્ડેશનની સ્થાપના
- જ્યોતિબહેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ

**વંચિતોની વહારે ‘નીલકમલ’ના વામનભાઈ પારેખ** ..... 404

- વામનભાઈનું વિરાટ સ્વરૂપ

પાના નં.

**હર્ષદભાઈ શેઠ ગલિયાકોટવાળા પરિવારની અવિરત દાનની સરવાણી** ..... 406

- એક ક્લાસરૂમ માટે દાન • શૌર્ય અને શક્તિના પ્રતિક સ્વામીરાવ
- ઉદાર સખાવત • હર્ષદભાઈનું મોખરાનું સ્થાન
- રોટરી કલબ બૉમ્બે નોર્થ

**વિરલ વ્યક્તિત્વના સ્વામી દાતા વસંતભાઈ ગાંધી** ..... 408

- જાણીતા સામાજિક કાર્યકર • ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ઉમદા સહાય

**હરિનો મારગ** ..... 409

- વિકૃત માનસિકતા • સજ્જન સમાજ સંગઠિત બને

**યુગાન્તર** ..... 410

- વાસ્તવિકતાનો સ્વીકાર • નવી યુવા ટીમ
- ચલના જીવન કી કહાની • નવી ટીમના પડકાર




A Starting PAGES 01 TO 19_1_Prepress
Friday, November 22, 2019 6:30:58 PM

## ભાગ-૧

# હું અને મારો પરિવાર

- બચપન
- કિશોરાવસ્થા
- યુવાવસ્થા
- સંયુક્ત કુટુંબ એક સંભારણું
- વિભક્ત કુટુંબની ખાટી-મીઠી
- સપનાનાં વાવેતર





BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:47:21 PM





BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:47:31 PM

# બચપન

## દાદા

મારા દાદા દામોદર ગોવિંદજીનું પોતીકું મકાન, ભાવનગરની પીરછલ્લા શેરીમાં જીવણ કાશીની ખડકીની અંદર આવેલું. અમારો પરિવાર ભાવનગરમાં ક્યાંથી આવીને વસ્યો તેની અમને કોઈને ખબર નથી. મારા દાદા જૈન સમાજમાં સુધારાવાદી સમૂહના આગેવાન હતા, એ સમૂહ 'પાંચ ફેંટાવાળા' તરીકે જાણીતો હતો. જૈન સમાજમાં બાળવયે અપાતી દીક્ષા સામે, આ ફેંટાવાળાઓએ બંડ પોકારી, સમાજનો રોષ વહોરી લીધેલો, એવી વાત સાંભળેલી. દાદાને મેં જોયેલા નહીં, પરંતુ એમનો રૂઆબદાર ચહેરો, લોંગ કોટ અને માથા ઉપર ફેંટાવાળો એક મોટો ઑઇલ પેઈન્ટ કરેલો ફોટો, ઘરની જર્જરિત દીવાલ ઉપર, ઘણી વખત જોયેલો, એટલું મને યાદ છે.

## દાદી

મારા દાદીનું નામ દીવાળીબહેન, લોકો તેને 'દીવાળી દરબાર' કહેતાં. એ નામ પ્રમાણે સ્વભાવે કડક, જ્યાં જાય ત્યાં તેની હાક વાગે. એ હંમેશાં કથ્થાઈ રંગનો સાડલો પહેરતાં, એ જમાનામાં આ વૈધવ્યની નિશાની ગણાતી. એમને ચા-ગાંઠિયાનો ભારે શોખ. દાદાજી મૂડીમાં ફક્ત રહેણાકનું એક મકાન મૂકી ગયા હતા, તેમાં ભોંયતળિયે ભાડૂત હતા. દાદીને આ ભાડાની થોડી આવક, બીજી ખાસ કોઈ આવક નહીં, એટલે હાથ ખેંચમાં રહેતો. બપોર પછી ઘરમાં રોજ 'દાદીનો દરબાર' ભરાતો. તેમાં આડોશપાડોશની બાઈઓ ટોળે મળી અલકમલકની વાતો સાથે, ભજન કીર્તનની રમઝટ બોલાવે. હું ત્યારે દસેક વરસનો અને હંમેશાં નિશાળેથી છૂટીને દાદીના ઘરે જતો ને જોઈતી ચીજવસ્તુ લાવી આપતો. તેમાં સૌથી ચેલેન્જિંગ કામ ચા માટે ખાંડ લાવી આપવાનું. બીજા વિશ્વયુદ્ધ પછીના એ દિવસોમાં ખાંડની અછત રહેતી. દાદીને ચા પીવાનો અને પીવડાવવાનો ભારે શોખ, ખાંડ ન મળે તો પીપરમિન્ટના ગોળાની ચા તો બનતી જ. પીપરમિન્ટના ગોળાની ચા પછી તો બધાંને કોઠે પડી ગયેલી.

**પિતાજી ચુસ્ત ગાંધીવાદી. કાયમ સફેદ ખાદીની કફની, ધોતી અને ટોપી પહેરે. કરકસર, સાદગી, શિસ્ત અને પ્રામાણિકતાના તે ભારે આગ્રહી.**

## પિતાજી

પિતાજીનું નામ કનૈયાલાલ. તેમનું હુલામણું નામ હતું 'મફતલાલ.' તેને બે ભાઈઓ, એક મણિલાલ, એ ફોટોગ્રાફર હતા અને તેનાથી નાના શાંતિલાલ વિકલાંગ હતા. આ ત્રણ ભાઈઓમાં પિતાજી મોટા હતા. તેને સૌ 'મોટાભાઈ' કહેતા. એ ભણેલા ઓછું, પરંતુ પાકા દેશી નામાના જાણકાર હતા. તે સમયે લોકો રસોઈ માટે કેરોસીનના



**પિતાજી કનૈયાલાલ**

પ્રાઈમસ વાપરતા ત્યારે બીજા વિશ્વયુદ્ધને કારણે દેશમાં કેરોસીનની તંગી સર્જાયેલી. આ સમસ્યાને હલ કરવા, ભાવનગરના ગાંધીવાદી વૃદ્ધ આગેવાન અંબાશંકર ભટ્ટની આગેવાનીમાં, 'એક મોંઘવારી રાહત સમિતિ' સ્થપાયેલી. આ અંબાશંકરદાદાને પિતાજી ઉપર ભારે વિશ્વાસ, એટલે દાદાએ એમને સમિતિમાં હિસાબનીશની નોકરી આપેલી.

પિતાજી ચુસ્ત ગાંધીવાદી. કાયમ સફેદ ખાદીની કફની, ધોતી અને ટોપી પહેરે. કરકસર, સાદગી, શિસ્ત અને પ્રામાણિકતાના તે ભારે આગ્રહી. પણ તેજ-તમાકુવાળા પાન અને તાજ છાપ સિગારેટની લત વર્ષો સુધી છોડી શકેલા નહીં. તેમનો સ્વભાવ પણ થોડો તેજ, ગુસ્સે થતાં વાર ન લાગે. એ ઘરમાં આવે તે પહેલાં મારી મા, બધાં બાળકોને આઘાપાછા કરી મૂકતી.



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:47:35 PM

## માતા



**માતા કંચનબહેન**

માતાનું નામ કંચનબેન. બહુ ભોળી અને ગભરુ. ચૌદ વરસની ઉંમરે લગ્ન થઈ ગયેલાં. તેની કૂખે ૭ એપ્રિલ ૧૯૩૫ના રોજ ભાવનગરમાં મારો જન્મ થયો. ફૈબાએ નામ પાડયું અનંતરાય, પરંતુ સૌ 'બાબો' કહેતા, પછી તેમાંથી 'બાબાભાઈ'ના હુલામણા નામથી બોલાવતા થયા. પછી તો એ નામ જ વધુ જાણીતું થયું ને ખરું નામ માત્ર સર્ટિફિકેટમાં રહી ગયું! અમે ચાર ભાઈઓ અને છ બહેનો. તેમાં પહેલાં મધુબહેન અને પછી 'હું.'

ભાવનગરમાં, આંબાચોકની સ્ટેટ બૅંક ઑફ સૌરાષ્ટ્ર સામે, મોટા ફળિયામાં મારા મોસાળમાં નાની રહે. એનું નામ સૂરજબા. પોતે વિધવા. તેમની સાસુને મોતિયાના ઑપરેશન પછી પણ વિઝન આવેલું નહીં, એટલે બંને આંખે અંધ. ઓછામાં પૂરું નાનીના એક યુવા પુત્રનું ટાઇફૉઈડમાં મૃત્યુ થઈ ગયેલું અને બીજો પુત્ર ચંપક, બહુવિધ વિકલાંગ. ઘરમાં બેઠાં બેઠાં, માંડ ઘસડાઈને હલન ચલન કરી શકે. કોણ જાણે કેમ પણ નાનીને માથે એક પછી એક દુઃખના ડુંગર ખડકાતા ગયા, તો પણ ભાંગી પડવાને બદલે પરિવાર સંભાળીને બેઠાં હતાં.

## નાની



**નાની સુરજબા**

ભાવનગરમાં દાદીના ઘર પાસે મહેતા શેરીમાં રામજી પાનાચંદના ડેલામાં, એક ભાડાના મકાનમાં અમે રહેતાં હતા. તેમાં સૂવા માટે એક ઓરડો, ઓસરી અને રસોડું હતાં. એ વખતમાં આટલી સુવિધા ઘણી મનાતી. ડેલામાં બીજા ઘણાં કુટુંબો, ઉપર નીચે રહેતાં હતાં. વચમાં એક મોટો ચોક હતો. સાંજ પડે બાળકો બધાં ચોકમાં રમે અને બૈરાં ટોળે મળી ગામગપાટા મારે. આ મધ્યમવર્ગીય પરિવારો, એક બીજાના સુખ દુઃખમાં ભાગ લેતાં. આ 'ભાવાત્મક એકતા', આજના ફ્લેટ કલ્ચરમાં જોવા મળતી નથી.

**જેનાથી વિશેષ પ્રભાવિત થયો તે હતા મારા શાંતિકાકા, કાકા અપંગને અભણ પરંતુ હતા જ્ઞાની.**

## પ્રાથમિક શિક્ષણ

ઘરની નજીક એક સરકારી પીરછલ્લા સ્કૂલ હતી. બ્રિટિશ આર્કિટેકટની ડિઝાઇન ઉપરથી, પાશ્ચાત્ય શૈલીની પથ્થરના બાંધકામવાળી આ સ્કૂલ, મહારાજાએ બંધાવેલી હતી. તેમાં ઉપરનીચે મોટા વર્ગખંડો હતા. વર્ગખંડની ઊભણી ઊંચી, એવા જ ઊંચાં પ્રવેશ દ્વાર ને ઉપર સુંદર મજાની અર્ધ ગોળાકાર કમાન. વર્ગોમાં હવા ઉજાસ માટે મોટી બારીઓ. પહેલા માળના વર્ગ ખંડોમાં તળિયે વુડન ફ્લોરિંગ. બેનમૂન નકશીવાળો લોખંડનો મોટો દરવાજો ને તેની સામે જ વારંવાર ચડવા ઊતરવાનું મન થાય એવો લોખંડનો વિશાળ દાદરો. આ મજાની શાળામાં મેં ચાર ધોરણ સુધીનું શિક્ષણ લીધું. શાળામાં હું હોંશિયાર વિદ્યાર્થી ન હતો. મને પહેલેથી જ ચિત્રકામ, ગુજરાતી, ઈતિહાસ, નાગરિકશાસ્ત્ર, જેવા વિષયોમાં રસ હતો. પરંતુ ગણિતમાં રુચિ ઓછી હતી. મારું ધ્યાન ઈતર પ્રવૃત્તિ અને રમતમાં વધુ રહેતું. શાળામાં શિક્ષકો સારા હતા. પરંતુ હું કોઈ શિક્ષકથી બહુ પ્રભાવિત થયો ન હતો.



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:47:38 PM

# શાંતિકાકા

જેનાથી વિશેષ પ્રભાવિત થયો તે હતા મારા શાંતિકાકા. કાકા અપંગ ને અભણ પરંતુ હતા જ્ઞાની. દાદીના ઘરનો દાદરો ચડતાં એક ઓસરી હતી. ઓસરીમાં ખૂણા પાસે દાદરાના કઠેડાની ઓથે, ભોંય ઉપર એક નાનકડી પથારીમાં તે પડખું ફરી, ટૂંટિયું વાળીને પડયા રહેતા. સાવ સૂકલકડી કાયા. ઘૂંટણમાંથી બે પગ અને કોણીમાંથી હાથ વાંકા વળી ગયેલાં. વાંસામાં ખૂંધ નીકળેલી. ઘરમાં પણ હરીફરી શકતા નહીં. પરંતુ તેની આંખ, કાન, અને ખાસ તો મગજ સાબૂત હતા. વાચાળ પણ ખરા. તેની વાતો કયારેય ખૂટતી નહીં. શાળામાં રજા પડે એટલે અમે કાકાને ઘેરી વળીએ. એ બાળવાર્તાઓ ને સાહસ કથાઓની કાલ્પનિક દુનિયાની સફર કરાવે, તો કયારેક ગીતો ગવરાવે. વાર્તા કહેવાની અને ગીતો ગાવાની એની લઢણ એવી હતી કે તેનામાં તલ્લીન થઈ જવાય. મારા શિક્ષક કરતા, કાકાના આ વ્યકિતત્વથી હું વધુ પ્રભાવિત થયો હતો. જેની ઊંડી અસર મારા જીવન ઘડતર ઉપર રહી છે.

એક દિવસ શાંતિકાકા માંદા પડયા. બાળકોને તેની પાસેથી દૂર કરાયાં. બે દિવસ પછી સવારમાં, મોસાળથી કોઈક મને દાદીના ઘરે લઈ ગયું. ત્યાં દાદરના કઠેડા પાસે નજર કરી તો, શાંતિકાકાની પથારી ન હતી. અંદરના ઓરડામાં કાળાં ભૂરાં સાડલાં પહેરેલી સ્ત્રીઓ, ઘુમટા તાણીને બેઠી હતી. કોઈનો રડવાનો અવાજ સંભળાતો હતો.

**શાળામાં રજા પડે એટલે અમે કાકાને ઘેરી વળીએ. એ બાળવાર્તાઓ ને સાહસ કથાઓની કાલ્પનિક દુનિયાની સફર કરાવે, તો ક્યારેક ગીતો ગવડાવે. વાર્તા કહેવાની અને ગીતો ગાવાની એની લઢણ એવી હતી કે તેનામાં તલ્લીન થઇ જવાય.**

વાતાવરણ ગંભીર હતું. હું મારી મા પાસે જઈ ભરાયો, 'શાંતિકાકા કયાં?' એ રડમસ અવાજે બોલી 'ભગવાનના ઘરે.' હું ખાસ કાંઈ સમજયો નહીં. પરંતુ મારી માને રડતી જોઈને હું પણ હીબકે ચડયો, એ યાદ છે. ઓસરીમાં શાંતિકાકાની પથારીનો ખૂણો ખાલી થયો. તેની સાથે મારા હૃદયના એક ખૂણામાં, કદી ન પૂરાય એવો ખાલીપો સર્જાયો, જાણે હું એકલોઅટૂલો થઈ પડયો.



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:47:42 PM

## કિશોરાવસ્થા

હું પાંચમા ધોરણમાં ભણતો હતો, ત્યારે પિતાજીએ મૅનેજમેન્ટ સાથે મતભેદ થતાં, મોંઘવારી રાહત સમિતિની નોકરી છોડી દીધી. સમિતિના સ્થાપકોમાંના લોકસેવક અંબાશંકરદાદાનો બધાં આદર કરતા. દાદાએ પિતાજીને ઉતાવળે નોકરી છોડવાનો નિર્ણય નહીં કરવા સમજાવેલા, પરંતુ એ પણ સિદ્ધાંતવાદી હતા. એકના બે ન થયા. નોકરી છોડયા પછી બીજી નોકરી મળી જશે, એવી તેમની આશા ઠગારી નીવડી. પગારની આવક બંધ થતાં, કુટુંબના કપરા દિવસો શરૂ થયા. પિતાજી કુટુંબનું ભરણપોષણ કરવા માટે, માથે પોટકાં ઉપાડીને ગામડામાં કાપડની ફેરી કરવા જતા. તો કયારેક ઘરેઘરે ચાના પડીકાં વેચવા જતા. આમ, રાત દિવસ મહેનત કરવા છતાં, ધંધામાં યારી ન મળી, તે ન જ મળી. છેવટે થાકયા ત્યારે, વિકટોરિયાપાર્કમાં ફૉરેસ્ટ ઑફિસમાં ચપરાશીની નોકરી સ્વીકારી, પરંતુ સ્વમાનના ભોગે શરણાગતિ કયારેય ન સ્વીકારી. કપરા દિવસોમાં એ ઘર કેમ કરીને ચલાવતી, તેની ખબર સુધ્ધાં માએ કોઈને પડવા દીધી ન હતી. ઘરનું કામ કરતાં કરતાં આરી ભરતનું કામ શોધી કાઢયું ને તેમાંથી બે પૈસા રળી લેતી. આ દુ:ખના ડુંગર દૂર થાય એ આશાથી, એ કેટકેટલી બાધાઆખડી રાખતી અને વ્રત કરે જતી. એ સમયમાં ફળિયાનું કલ્ચર હતું, તે સમાજને ટકાવી રાખવા માટે આશીર્વાદ સમાન હતું. આડોશી-પાડોશીઓ, અમારાં ઘરનો બહુ ખ્યાલ રાખતાં. કાંઈક ને કાંઈક બહાનું બતાવીને, ભોજન ટાણે કોઈક આવીને રસોડામાં કાંઈક ઢાંકીને, મૂકી જ ગયું હોય!



## દયાની દેવી બેનીબહેન

પડોશમાં એક બેનીબહેન સોનીનું ઘર હતું. આ વયોવૃદ્ધ માડી બહુ માયાળુ. તેના એક દીકરા બચુભાઈ ઘરમાં જ ચાંદીના છડા, કંદોરા, માળા, ઘૂઘરી વગેરે બનાવવાનો ગૃહ ઉદ્યોગ ચલાવતા. હું નિશાળેથી છૂટીને, તેના ઘરના હીંચકા ઉપર બેસતો. મા-દીકરો ચાંદીના તારમાં ઘૂઘરીઓ પરોવી દાગીના બનાવે ને ઍસિડથી ધોઈને ચમકાવે. એ જોવાની ભારે મજા આવતી. એમ કરતા કરતા બચુભાઈએ મને પણ ચાંદીના સળિયાના ટુકડામાંથી તાર બનાવવાના કામમાં જોતરી દીધો કે તેની મને ખબર પણ ન રહી. આ કામ બહુ મહેનતનું હતું. એક લોખંડની પટ્ટીના ઝીણાં કાણામાંથી તારને ખેંચી કાઢવામાં બાવડાથી જોર લગાવવું પડતું. બચુભાઈ મને તેમાં મદદ કરતા. આમ કરતા કરતા બચુભાઈએ મને ઘણાં કામ શીખવાડીને, તેનો મદદનીશ બનાવી દીધો. પછી તો એ સોની બજારમાં જાય, ફરવા જાય કે પિકચર જોવા જાય, મને સાથે જ રાખતા. એટલું જ નહીં, પરંતુ મારી આનાકાની છતાં, બેનીબહેન કયારેક કયારેક મારા હાથમાં થોડા પૈસા સરકાવી દેતાં. આ 'દયાની દેવી' બેનીબહેનનો ચહેરો હજી હું ભૂલ્યો નથી.

**પડોશમાં એક બેનીબહેન સોનીનું ઘર હતું. આ વયોવૃદ્ધ માડી બહુ માયાળુ.**

## પિતાજીએ ઘર છોડયું

સમિતિમાંથી પિતાજીની નોકરી છૂટી ગયા પછી, કયારેક અંબાશંકરદાદા ખબર પૂછવા મા પાસે આવતા. સાથે છોકરાંઓ માટે કાંઈક ને કાંઈક ચીજવસ્તુ લઈ આવતા. પિતાજી રાતદિવસ મહેનત કરતા, તેમ છતાં ઘરખર્ચ નીકળતો ન હતો. એથી અંબાશંકર દાદાએ, પ્રભુદાસ તળાવ પાસે પોતાના ખર્ચે, પિતાજીને એક રૅશન શોપ કરાવી આપી. એ મજદૂર વિસ્તારમાં શરૂમાં વેચાણ સારું રહ્યું. રૅશનશોપમાં તે એકલા પહોંચી શકે નહીં,



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:47:46 PM

**કાકાએ મારો હાથ ઝાલ્યો. નાનપણથી જ મને ચિત્રકલામાં રસ હતો. તેમાં ફોટોગ્રાફી ભળી અને કાકાની તાલીમ રંગ લાવી.**

એટલે મારે શાળામાંથી છૂટીને મદદમાં જવાનું નક્કી થયું. સમય જતાં લોકો અનાજ ઉધાર લઈ જવા લાગ્યા. કેટલાક લોકો ફરી વખત વસ્તુ લેવા આવે ત્યારે, આગળના બાકીના પૈસા લાવે નહીં. મોંઘવારી, બેકારી અને ઘરની પરિસ્થિતિના રોદણાં રુવે એટલે દયા ખાઈને પિતાજી ફરી ઉધાર આપે. આમ કરતાં કરતાં મૂડી ઓછી થઈ ગઈ અને બે વરસમાં માથે દેવું થઈ ગયું. અંબાશંકર દાદાને મોઢું બતાવવાની હિંમત નહીં ચાલી હોય કે ગમે તેમ થયું, પિતાજી આ નિષ્ફળતાથી નાસીપાસ થઈને, એક રાત્રે કોઈને કહ્યા વગર, ઘર છોડીને ચાલ્યા ગયા. જતા જતા મણિકાકાના સ્ટુડિયોના દરવાજામાં ચિઠ્ઠી નાખતા ગયેલા. એ ચિઠ્ઠી લઈને કાકા વહેલી સવારમાં મારી મા પાસે આવ્યા. ચિઠ્ઠી વંચાતાં ઘરમાં રોકકળ થઈ પડી. અમે સફાળા જાગી ગયાં. મારી મા ગભરુ હતી જ. કાકાએ હિંમત આપી. ચારે તરફ ટેલિગ્રામ કર્યા, ટપાલો લખી. દશેક દિવસ પછી, તેઓ નંદરબારમાં અમારા એક કુટુંબીને ત્યાં છે, તેમ સમાચાર આવ્યા, ત્યારે સૌને ધરપત વળી.

તે સમયે મારી ઉંમર માંડ બાર તેર વરસની હતી. છોકરાઓમાં હું મોટો હતો. સમિતિમાંથી પિતાની નોકરી છૂટ્યા પછી, મુસીબત અમારો પીછો છોડતી ન હતી. આ દોડધામના માહોલમાં મારું શિક્ષણ કથળવા માંડ્યું.

## કારકિર્દીની શરૂઆત

પિતાજીની ગેરહાજરીમાં મણિકાકા અમારું ધ્યાન રાખતા. એ બહુ ભલા અને માયાળુ હતા અને બાળકો પ્રત્યે તેમને ખાસ લગાવ હતો. નાની ઉંમરમાં ભણતર છોડીને, એ ફોટોગ્રાફર બની ગયેલા. ભાવનગરમાં ઘોઘાગેટ ઉપર તેમનો જ્યોતિ સ્ટુડિયો હતો. જાતમહેનત અને આત્મસૂઝથી એ આગળ વધ્યા હતા. સારા ફોટોગ્રાફરોમાં તેનું નામ હતું. પિતાજી નંદરબારથી ક્યારે પાછા ફરે, એ નક્કી ન હતું. એ સંજોગોમાં મણિકાકાને અમારા ઘર ખર્ચની ચિંતા હતી, એટલે શાળાએથી છૂટીને મને સ્ટુડિયો ઉપર આવી જવા કહ્યું. સ્ટુડિયોમાં સફાઈ, કચરા-પોતાંથી શરૂ કરીને, હું ફોટા ધોવાનું, ગ્લેઝ કરવાનું, કટિંગ કરી સોર્ટિંગ કરવાનું કામ શીખી ગયો.એ જમાનામાં બ્લૅક ઍન્ડ વ્હાઈટ ફોટોગ્રાફી બહુ મહેનત માગી લેતી. બધુંજ કામ 'મેન્યુઅલ' હતું. સ્ટુડિયોમાં બૅક ગ્રાઉન્ડ, લાઈટિંગ, રોલ ફિલ્મ, કૅમેરા ને લેન્સનું, સારા ફોટોગ્રાફ માટે ઘણું મહત્ત્વ હતું. એવી જ રીતે ફોટા પાડ્યા પછી, ફિલ્મને ડેવલપ કરીને નેગેટિવ બનાવવાનું, અને નૅગેટિવને પ્રોસેસ કરી, ફોટો પેપર ઉપર તેની પૉઝિટિવ બનાવવાની કપરી કામગીરી, હવા ઉજાસ વગરના ડાર્ક રૂમમાં મોડી રાત સુધી કરવી પડતી. મણિકાકામાં, છોકરાંઓને શીખવવાને ઉત્સાહ અને આવડત ગજબની હતી. કામ સખત કડકાઈથી કરાવે, સાથે પ્રોત્સાહન અને પુરસ્કાર પણ આપે. ચાપાણી-નાસ્તાના ભારે શોખીન. ખાતા જાય ને ખવરાવતા જાય.રખાવટ એવી કે સૌ હોંશે-હોંશે કામ કરે.આમ, કાકાએ મારો હાથ ઝાલ્યો. નાનપણથી જ મને ચિત્રકલામાં રસ હતો. તેમાં ફોટોગ્રાફી ભળી અને કાકાની તાલીમ રંગ લાવી. હું ત્રણચાર વરસમાં એક સારો ફોટોગ્રાફર બની ગયો અને તેમાંથી જ મારી કારકિર્દીની શરૂઆત થઈ.

## મણિકાકા



મણિકાકા

મણિકાકાનું મિત્રવર્તુળ બહુ મોટું હતું. ફોટોગ્રાફરો ને કલાકારોનો ઝમેલો સ્ટુડિયો ઉપર જામતો. તેમાં એક બહુ મોટા ગજાના ચિત્રકાર હતા 'ગૌતમ'. તેમનું ખરું નામ હતું બચુભાઈ. તેઓ રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનના સ્કોલર હતા. આવા ચિત્રકાર માટે ભાવનગર બહુ નાનું હતું. તેઓ સિનેમાના મોટામોટા બેનર, કટ



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:47:49 PM

આઉટ, કેનવાસ ઑઈલ પેઇન્ટિંગ, પોર્ટ્રેટ અને રાજા રવિ વર્મા સ્ટાઇલમાં રામાયણ, મહાભારતના ઐતિહાસિક પ્રસંગોના આબેહૂબ મોટામોટા ચિત્રો દોરવામાં માહેર હતા. એ કામ કરતા હોય ત્યારે મને, તેમના સાન્નિધ્યમાં બેસવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થતું; પરિણામે કલા પ્રત્યે મારી સમજ વધી. કલા કારીગરી મારો મનગમતો વિષય બની ગયો.

## અંતે શાળામાંથી નામ કમી

કેટલાક મહિના નંદરબાર રહ્યા પછી, અંતે થાકીને પિતાજી ભાવનગર પાછા આવ્યા. કાકાની ભલામણથી, વેજિટેબલના કારખાનામાં ઈલેક્ટ્રિક ખાતામાં નોકરી મળી. કારખાનું ત્રણ પાળીમાં ચાલતું- સવારે, બપોરે અને રાત્રે. બદલાતી પાળીમાં ફરતોફરતો વારો આવે. પગાર ટૂંકો હતો અને કારખાનું વરસમાં ચારેક મહિના બંધ હોય ત્યારે તો પાછો અડધો પગાર જ મળે. એમાં ઘરનું પૂરું થાય નહીં. પિતાનો જીવ પાછો વેપારીનો. નોકરી સાથે ફાજલ સમયમાં ધંધો કરવા, વોરા બજારમાં એક ભાડાની જગ્યા લઈને 'ગૃહ વસ્તુભંડાર' ખોલ્યો. શરૂઆતમાં ધંધો સારો ચાલ્યો. કારખાનામાં ઍડજેસ્ટ કરીને એ રાત્રિની નોકરી લઈ લેતા. સવારે થોડો આરામ કરીને પછી દુકાન ખોલી નાખે. પરંતુ આ બહુ લાંબું ચાલ્યું નહીં, છેવટે દુકાન ખોલવાનું, પછી ચલાવવાનું, પણ મારે માથે જ નાખી દેવામાં આવ્યું. આ રીતે દુકાન સાચવવા જતાં અનિયમિતતાને કારણે, અંતે શાળામાંથી મારું નામ કમી થઈ ગયું.

શરૂશરૂમાં દુકાન તો સારી ચાલી. મારા નાનાભાઈઓ પણ સાથે કામ કરતા. દુકાનમાં ગૃહ વપરાશની ઘણી વસ્તુ અમે વેચતા. મારા પિતાજીના એક મિત્ર ભીખુકાકા હતા. પિતાજી સાથે એ કારખાનામાં કામ કરતા. સુથારી અને લુહારી કામના જાણકાર. સારા કારીગર પણ હતા. તેની સાથે મળીને અમે રોટલી વણવાના પાટલા, બેસવાના પાટલા, કપડાં ધોવાના ધોકા, વિગેરે ઘરના ચોકમાં બનાવવાનું જોરશોરથી શરૂ કર્યું. ભીખુકાકા એકલા તો આ કામ કરી શકે નહીં, એટલે હું તેનો જોડિયો બન્યો. આમ તેની સાથે કામ કરવાથી મને લાકડાની જાત, માપ તો ઠીક પરંતુ કરવત, ફરસી, મારફો, ભીડો વગેરે જાતજાતના સાધનોનો ઉપયોગ કરવાનું પણ ફાવી ગયું. જે સમય જતાં મને વેસ્ટમાંથી બેસ્ટ અને 'ઈન્ટીરિયર ડેકોરેશન' ની મારી હૉબીમાં ઉપયોગી બની રહ્યું.

**મણિકાકામાં, છોકરાંઓને શીખવવાનો ઉત્સાહ અને આવડત ગજબની હતી. કામ સખત કડકાઈથી કરાવે, સાથે પ્રોત્સાહન અને પુરસ્કાર પણ આપે. ચાપાણી-નાસ્તાના ભારે શોખીન. ખાતા જાય ને ખવરાવતા જાય.**

## ફરીથી શિક્ષણ

ચારપાંચ વરસ દુકાન સારી ચાલી, પછી ધંધો મંદ પડવા લાગ્યો. માલ ખપે નહીં, એટલે પૈસાનું 'રોલિંગ' થાય નહીં અને નવો માલ લાવી શકીએ નહીં, પરિણામે બજારની હરીફાઈમાં ટકવાનું મુશ્કેલ થઈ પડયું. આમ તો અમારો આખો પરિવાર, આ ધંધામાં રોકાયેલો હતો, તેના પ્રમાણમાં ખાસ વળતર મળતું ન હતું. આ સંજોગોમાં સગાંસંબંધીઓએ દુકાન બંધ કરીને, મને ફરી ભણતર શરૂ કરવા સમજાવ્યું. તેની અસર પણ થઈ. પિતાજીએ દુકાન બંધ કરી. હું આલ્ફ્રેડ હાઈસ્કૂલના આઠમા ધોરણમાં દાખલ થયો. પાંચ વર્ષનો ડ્રૉપ લીધા પછી ફરીથી શિક્ષણકાર્ય શરૂ કરવાનું અઘરું તો લાગ્યું, પરંતુ ધગશ ને મહેનત કરીને ધો. ૧૧ બોર્ડની પરીક્ષા, ડિસ્ટિંકશન સાથે પાસ કરી ત્યારે હું ૨૧ વરસનો હતો.



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:47:53 PM

# યુવાવસ્થા

## નોકરી

ધો. ૧૧(એસ.એસ.સી. બોર્ડ)ની પરીક્ષા પૂરી થઈ ને વૅકેશન શરુ થયું ત્યારે, ભારત સરકારના હૅન્ડિક્રાફ્ટ બોર્ડ તરફથી હસ્તકલા-કારીગરીની વસ્તુઓનું પ્રદર્શન, શહેરના ટાઉન હૉલમાં ભરાવાની જાહેરાત આવી. આ કલાકારીગીરીના નમૂના ગોઠવવા અને દર્શકોને તેની સમજ આપીને વેચાણ કરવા માણસોને કામે રાખવાના હતા. તેના ક્યુરેટર મિ. સોબરવાલ પંજાબી હતા. ઈન્ટરવ્યૂમાં તેમણે થોડા પ્રશ્નો પૂછયા પછી નમૂનાઓ રેકમાં ગોઠવી ને સુશોભન કરવા કહ્યું. મારું કામ જોઈને એ રાજી થઈ ગયા. મને નોકરી મળી ગઈ. આ મારી પહેલી નોકરી હતી. હૅન્ડિક્રાફ્ટ પ્રદર્શન ત્રણ અઠવાડિયા ચાલ્યું. મિ. સોબરવાલ મારા કામથી ખુશ થયા ને હૅન્ડિક્રાફ્ટ બોર્ડમાં જોડાઈ જવા કહ્યું, પરંતુ મારે ભાવનગરમાં પરિવારની સાથે રહીને ભણવું હતું. સાથે નોકરી કરવાનું પણ જરૂરી હતું. 'નવજવાન સંઘ' ના મારા સાથી હર્ષદભાઈ શેઠ, મારી ચિંતા કરતા. હર્ષદભાઈએ દેનાબૅંકના મૅનેજર કૃષ્ણલાલ સંઘવીને ભલામણ કરી એટલે લોખંડ બજાર શાખામાં ત્રણ મહિના માટે મને ઍપ્રેન્ટિસની નોકરી મળી ગઈ.

## આર્ટ્સ કોલેજમાં ઍડમિશન

હું દેનાબૅંકની નોકરીમાં જોડાયો ત્યારે કૉલેજ ખૂલી ગઈ હતી. મારે સોસીયોલૉજી સાથે બી.એ. કરવું હતું. મેં રેગ્યુલર સ્ટુડન્ટ તરીકે આર્ટ્સ કોલેજમાં ઍડમિશન લીધું. પ્રોફેસર હરેશભાઈ અજવાળિયાસાહેબ, બહુ ભલા માણસ હતા. નોકરી કરતા કરતા કૉલેજમાં ભણવા માટે, તેઓએ મૂક સંમતિ આપી હતી, તેનાથી મને ઘણી રાહત મળી. સવારે કૉલેજમાં બેત્રણ પિરિયડ ભરીને, બૅંકમાં નોકરીના સમયે પહોંચી જવાય, તેવી ગોઠવણ કરી. પરંતુ દોડધામ બહુ થતી હતી, એક સાઈકલ હોય તો સારું, એમ મનમાં થતું. પરંતુ સાઈકલ લેવાનો વેંત થતો ન હતો. ત્રણ મહિનાના પગારના એકસો એંશી રૂપિયામાંથી, સાઈકલ લેવાનું સ્વપ્નું સાકાર થયું. મેં સાઈકલ અને તે પણ હરક્યુલિસ જોડાવી. એ સમયે હરક્યુલિસ સાઈકલ હોવી એ એક લકઝરી ગણાતી !

**એક સાઈકલ હોય તો સારું, એમ મનમાં થતું. પરંતુ સાઈકલ લેવાનો વેંત થતો ન હતો. દેનાબેંકની નોકરીના ત્રણ મહિનાના પગારના એકસો એંશી રૂપિયામાંથી, સાઈકલ લેવાનું સ્વપ્નું સાકાર થયું. મેં સાઈકલ અને તે પણ હરક્યુલિસ જોડાવી. એ સમયે હરક્યુલિસ સાઈકલ હોવી એ એક લકઝરી ગણાતી !**

દેનાબૅંકમાં ત્રણ મહિનાની મુદત પૂરી થવામાં હતી પછી શું ? મને ચિંતા થતી હતી. બરાબર ત્યારે, નવજવાન સંઘનો બીજો એક સાથી મિત્ર હર્ષદ મહેતા, મારી વહારે આવ્યો. એ જિલ્લા લોકલ બોર્ડમાં એકાઉન્ટ કલાર્ક હતો. તેની ઑફિસમાં અંગ્રેજી ગુજરાતી બંને ટાઈપકામ કરી શકે, એવા ટાઈપિસ્ટની જરૂર હતી. હું તે માટે ફિટ હતો. પરંતુ પ્રેક્ટિસના અભાવે સ્પીડ ઓછી હતી. હર્ષદે જ મારો ઇન્ટરવ્યૂ અને સ્પીડ ટેસ્ટ લીધો. મારું કામ નબળું થયું હતું, પસંદગીની આશા ન હતી. પરંતુ એ મને તેના ચીફ ઑફિસરની ચેમ્બરમાં લઈ ગયો. અંદર દાખલ થતાં મને સૂચના આપી, 'મોટા સાહેબ જે પૂછે તેમાં હા કહેજે' અંદર મારી ઓળખાણ કરાવીને, સાહેબના હાથમાં ટાઈપ કરેલા અંગ્રેજી-ગુજરાતી કાગળ આપ્યા. સાહેબે ચશ્માંમાંથી કાગળો ઉપર નજર ફેરવી, મલકાયા અને પછી મારી સામે જોઈને પૂછયું, 'તમે ટાઈપ કર્યું છે?' હર્ષદની સૂચના મુજબ મેં માથું હલાવીને 'હા' કહી ને નોકરી મળી ગઈ. બહાર નીકળીને મેં હર્ષદને પૂછયું, 'ટાઈપ કરેલા કાગળ સાહેબે જોયા, એ મારા ક્યાં હતા? તારી ભૂલ થઈ નથી ને?' તે મારી સામું જોઈને મૂછમાં હસ્યો ને કહે, 'તારે રોટલાનું કામ કે ટપાકાનું?'



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:47:57 PM

# હાથમાં જાણે જાદુઇ ચિરાગ


આટલા વરસના અનુભવ પછી, આઉટડોર ફોટોગ્રાફીમાં મારો હાથ સારો બેસી ગયો હતો પરંતુ મારી પાસે પોતાનો કૅમેરા ન હતો. હું મણિકાકાનો કે મારા મિત્ર કનુનો કૅમેરો માગી લાવતો. નોકરીમાં, કૉલેજમાં કે બહાર હું જયાં જતો ત્યાં, આ ધમણવાળો 'ફોલ્ડિંગ કૅમેરા' સાથે લઈ જતો એટલે મિત્રવર્તુળમાંથી રોજ એકાદ બે રોલના ફોટા પાડવાનું કામ થઈ જતું. તેમાંથી 'સાઈડ ઈન્કમ' પણ થવા લાગી હતી. પરંતુ જેમ કામ વધ્યું, તેમ મુશ્કેલી પણ વધી. ફોટા પાડવાનું કામ મળે, ત્યારે ઘણી વખત કૅમેરા ન મળે. કાકા કહે 'હવે તું એક કૅમેરા મંગાવી લે, પૈસાનું થઈ રહેશે.' આ વાત કરવી સહેલી હતી, પણ તેનો અમલ મુશ્કેલ હતો, તે પણ એ જાણતા હતા.

એ સમયે કૅમેરા વિદેશથી મગાવવો પડતો. મારી નાનીના 'માનેલા ભાઈ' રતિભાઈ શેઠને મુંબઈમાં મોટો કારોબાર હતો. તેનો એક દીકરો ભાવનગરમાં મારી નાનીના ઘરે રહીને કૉલેજમાં ભણી ગયેલો એટલો ઋણાનુબંધ હતો. શેઠના ધંધાનો પથારો ભાવનગરમાં પણ ખરો. દર બે-ચાર મહિને એ ભાવનગર આવે ત્યારે, એકાદ વખત નાનીના ઘરે જમવાનું રાખતા, કયારેક કયારેક એ મને તેના નાનામોટા કામમાં દોડાવતા. કૅમેરા લેવાની વાત ચાલતી હતી, ત્યારે શેઠ ભાવનગરમાં હતા. મણિકાકાએ તેને સ્ટુડિયો ઉપર બોલાવીને વાત કરી, 'આ તમારા બાબાભાઈ હવે ફોટોગ્રાફી સારી કરે છે. તેને તમે એક કૅમેરા મગાવી આપો, તો તેનું કામ થઈ જાય. વાત સાંભળીને કૅમેરાનું નામ, મૉડેલ અને કંપનીનું નામ વિગેરેની ચિઠ્ઠી કરાવીને કહે, 'તારો કૅમેરા આવી જશે.' આ સાંભળીને હું તો રાજીરાજી થઈ ગયો.

બે એક મહિના પછી રતિભાઈ શેઠનું પોસ્ટકાર્ડ મળ્યું,'ભાઈ મણિલાલના કહ્યા મુજબ, તારે માટે જર્મનીથી 'સોલીડા કૅમેરો' આવી ગયો છે. તેના રૂપિયા ચારસો પચાસ થયા છે. તું પૈસા મોકલી આપ, એટલે હું કૅમેરા મોકલું.' વાંચીને હું ઘડીભર અવાક્ થઈ ગયો. પોસ્ટકાર્ડ લઈને પહોંચ્યો કાકા પાસે. તેની સલાહ મુજબ, મેં રતિભાઈ શેઠને ટપાલ લખી, 'મારી પાસે આટલા રૂપિયાની વ્યવસ્થા નથી. તમે મને કૅમેરા મોકલી આપો, હું ફોટા પાડીને પૈસા આવે તેમ જલદી મોકલી આપીશ.'

જવાબ આવ્યો,'હું ઉધાર રાખતો નથી. લાખ રૂપિયાનો સંબંધ કોડીનો થાય. તું પૈસા ન મોકલી શકે તો હું મુંબઈમાં કોઈને કૅમેરા વેચી દઈશ. બીજો ઉપાય નથી.' રતિભાઈ શેઠ સ્વભાવના કંજૂસ તો હતા જ, પરંતુ જયારે મળે ત્યારે,'કાંઈ કામ હોય તો અડધી રાતે કહેજો, હું બેઠો છું.' એમ કહેતા, એટલે વિશ્વાસ હતો, તેના બદલે શેઠે તો ધોળે દિવસે તારા બતાવી દીધા. આવો

**ફરીથી શિક્ષણકાર્ય શરૂ કરવાનું અઘરું તો લાગ્યું, પરંતુ ધગશ ને મહેનત કરીને ધો. ૧૧ બોર્ડની પરીક્ષા, ડિસ્ટિંક્શન સાથે પાસ કરી.**





BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:48:00 PM



તો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો.

રતિભાઈ શેઠ કૅમેરા  કોઈને આપી દેશે તો હાથમાં આવેલી તક જતી રહેશે, એ ચિંતામાં દુ:ખી થતો, મોડી સાંજના નવજવાન સંઘની લાઇબ્રેરીમાં બેઠો હતો. બાજુમાં નાગરિક સહકારી બૅંક હતી. તેના મૅનેજર સલોત- સાહેબને વાંચવાનો શોખ હતો, એ રાબેતા મુજબ પુસ્તક બદલાવવા આવ્યા. તેને જોઈને મારા દિમાગમાં ઝબકારો થયો. બૅંકમાં રૂપિયા દસના શેર ઉપર નાના વેપારીઓને લોન અપાતી હતી. મેં મારી સમસ્યા સલોત-સાહેબને કહી સંભળાવી. તેમની સલાહ મુજબ બીજા દિવસે એક શેર લીધો, લોન માટે ફૉર્મ ભર્યું  ને થોડા દિવસમાં લોન મંજૂર પણ થઈ ગઈ. પૈસા રતિભાઈ શેઠને મુંબઈ મોકલ્યા અને કૅમેરા મને મળી ગયો. આ જર્મન કૅમેરાના રિઝલ્ટ, ડે-લાઇટમાં પણ ફેન્ટાસ્ટિક આવતાં. કામ વધ્યું, આવક વધી. હાથમાં જાણે કૅમેરા નહીં, પણ જાદુઈ ચિરાગ આવી ગયો.

લાખ પ્રયત્ન કરવા છતાં કપરા દિવસોનો અંત આવતો ન હતો. ઘર ચલાવવા મારી નાની, તેની મરણમૂડીમાંથી વારંવાર કાંઈકને કાંઈક કાઢીને મા ને આપતા. આમ રગડધગડ ઘર ચાલતું, તો પણ ઘરનું ભાડું મહિનાઓનું ચડેલું રહેતું. બીજી તરફ નાનીના ઘરમાં ઘણી જગ્યા હતી. વળી ઘરનું ઘર ભાડાની ચિંતા નહીં અને રહેવાવાળા પોતે બે જ. વૃદ્ધાવસ્થાને કારણે નાનીને, મારા દિવ્યાંગ મામાનું ઘણું કામ પહોંચતું અને તેમાં પણ મામાની તબિયત બગડે એટલે મા અને બહેનોને, બે ઘર વચાળે દોડધામ વધી જતી. આ સંજોગોમાં નાનીની સાથે રહેવા જવાનું મને હિતાવહ લાગ્યું. મારી વાત સાથે પહેલાં તો કોઈ સહમત ન થયાં. બેમાંથી એક ચૂલો થાય એટલે ખર્ચમાં ઘણો ફેર પડે, ઉપાય વ્યવહારુ હતો પણ સમાજનો ડર સૌને લાગતો હતો. છેવટે સમજાવટનું સુખદ પરિણામ આવ્યું. અમે ભાડાનું ઘર ખાલી કરીને, નાનીની સાથે કાયમ માટે મોસાળમાં આવી ગયાં.

## પહેલો પડાવ

આઉટડોર ફોટોગ્રાફી ઘણું કરીને હું ડે લાઇટમાં કરતો. 'લાઇટ ઍન્ડ શેઇડ પોર્ટ્રેટ' માં મારો હાથ બેસી ગયો હતો. ધીમે ધીમે મારા કસ્ટમરો તરફથી, સ્ટુડિયો સીટિંગ અને મોડેલિંગ માટે ડિમાન્ડ થવા લાગી. તે માટે સ્ટુડિયોની જગ્યા જોઈએ, તે મારી પાસે ન હતી. પરંતુ હવે અમે મોસાળમાં રહેવા લાગ્યાં હતાં. નાનીનું ઘર દેશી નળિયાનું ગાર માટીનું હતું પણ હતું બે માળનું  ને તેના ઉપર મોટું રજોઠિયું. આમ ખાસ્સું મોટું હતું. મકાનના બીજા માળના એક રૂમમાં, દીવાલ ઉપર ફોલ્ડિંગ પડદો બાંધીને, મેં ઘરમાં સ્ટુડિયો સીટિંગની વ્યવસ્થા ઊભી કરી. મણિકાકાએ રાજી થઈ, બે સ્ટેન્ડ સાથે રિફ્લેક્ટર લાઇટ અને એક જૂનું કૅમેરા સ્ટૅન્ડ આપ્યું. આમ, કાંઈ જ વધારાના ખર્ચ વગર ઘરમાં જ સ્ટુડિયો બની ગયો. ઑફિસ, કૉલેજ અને નવજવાન સંઘનું મિત્ર વર્તુળ મોટું હતું એટલે સ્ટુડિયો સીટિંગની વ્યવસ્થા થતાં કામ વધ્યું. તેમાં પણ લેડીઝના મોડેલિંગ ફોટોગ્રાફીનું કામ વધારે રહેતું. હવે મારો પણ એક સ્ટુડિયો હોય એ સ્વપ્ન દૂર ન હતું.

## સાથી હાથ બઢાના

નાનીના ઘરમાં સિંગર કંપનીનું, એક જૂનું સિલાઈ મશીન હતું. નાની તેના ઉપર ઘરના કપડાનું નાનું મોટું  થીગડથાગડ કામ કરતાં. સાથો-સાથ રાધનપુરી બજારમાં આવેલી ઉત્તમચંદભાઈની દુકાનેથી, સાડલાને સાંધા કરવાનું કામ લઈ આવતાં. મોસાળના મકાનમાં જગ્યા ઘણી હતી. અમે

**નાનીને પરિશ્રમ કરતાં જોઈને, ભાઈબહેનો સૌ વડી, પાપડ, ખાખરા, કાગળની કોથળી, લાઠીનું મરચું, વહેલી સવારમાં ડેરીના દૂધની બોટલની ઘરેઘરે ડિલિવરી અને શ્રાવણ મહિનામાં ફુગ્ગા વેચવા જેવાં કામ કરવા લાગ્યાં હતાં.**



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:48:04 PM

ભાઈબહેનો હવે ભણતાં ભણતાં કામ કરી શકીએ, એટલાં મોટા થઈ ગયાં હતાં. નાનીને પરિશ્રમ કરતાં જોઈને, ભાઈબહેનો સૌ વડી, પાપડ, ખાખરા, કાગળની કોથળી, લાઠીનું મરચું, વહેલી સવારમાં ડેરીના દૂધની બોટલની ઘરેઘરે ડિલિવરી અને શ્રાવણ મહિનામાં ફુગ્ગા વેચવા જેવાં કામ કરવા લાગ્યાં હતાં. અમારે ભણવાનું, રમવાનું અને સાથે કામ કરતાં કરતાં આર્થિક ઉપાર્જન કરવું જરૂરી હતું. અમારા સમયનો એ તકાદો હતો. એ સમજીને સૌ હોંશેહોંશે કામ કરતાં હતાં ત્યારે મને 'નયા દૌર' ફિલ્મનું ગીત યાદ આવતું.

**સાથી હાથ બઢાના, એક અકેલા**
**થક જાયેગા, મિલ કર હાથ બઢાના**

## મૂર્ખામીભર્યું સાહસ

મોસાળના ઘરમાં સ્ટુડિયો સીટિંગનું કામ સારું ચાલવા લાગ્યું હતું, પરંતુ ડાર્ક રૂમ માટે મણિકાકાને તકલીફ દેવી પડતી. ઘરના આ સ્ટુડિયોમાં પોર્ટ્રેટ ફોટો પાડવામાં અનુકૂળતા હતી. પરંતુ ગ્રુપ ફોટા માટે અનુકૂળતા ન હતી. હવે વધુ પ્રગતિ માટે બજારમાં સ્ટુડિયોની જગ્યા જોઈએ, એ વાત કાકાના મગજમાં બરાબર ઊતરી ગઈ હતી.

ભાવનગરમાં ઘોઘાગેટની શરૂઆતમાં મણિકાકાનો સ્ટુડિયો અને તેના બીજા છેડે, ખારગેટ પાસે વોરા શેરીના નાકા ઉપર એક મેડીમાં 'પેઇન્ટર માળી'ની દુકાન હતી.

**'જાની દોસ્તાર'ની વાત સાંભળીને કાકાને આઘાત લાગ્યો.**

પેઇન્ટરને હવે ધંધામાં રસ રહ્યો ન હતો એટલે દુકાન બંધ રાખતા. પોતે બહુચર માતાના ભક્ત, કંઠ સારો, ગળામાં મોટી માળા, હાથમાં સોનાનું કડું, પાંચે આંગળીમાં વેઢ, કપાળમાં મોટો ચાંદલો અને માથે મોટા કાળા વાળના ઝૂલ્ફા ધારણ કરીને તે રોજ જુદા જુદા વિસ્તારમાં, માતાજીના સ્થાનકમાં ગરબા ગાવા જાય અને પોતાની મસ્તીમાં જીવે. સ્ટુડિયોની જગ્યા માટે, મણિકાકાને પેઇન્ટરની બંધ પડેલી મેડીનો વિચાર આવ્યો ને એક દિવસ મને પેઇન્ટર માળીના ઘરે લઈ ગયા. વાતવાતમાં પેઇન્ટર, તેની દુકાનની ભાડાની જગ્યા રૂપિયા ત્રણ હજારની પાઘડી લઈને આપવા રાજી થઈ ગયા. પણ પેઇન્ટર હતા જમાનાના ખાધેલ. કાકાએ જગ્યાની ચાવી માંગી, તો આંખની શરમ વગર કહી દીધું, 'પૈસા લઈને કાકો ભત્રીજો આવો અને ચાવી લઈ જાવ.'

'જાની દોસ્તાર'ની વાત સાંભળીને કાકાને આઘાત લાગ્યો. મને લઈને પેઇન્ટરને મળવા ગયા હતા ત્યારે તેને મોટી આશા હતી. 'દોસ્તાર છે, માતાજીની ભક્તિમાં રંગાયો છે, આમ જ જગ્યાની ચાવી આપી દેશે ને બહુ બહુ તો થોડા પૈસા માગશે તો હપતેહપતે આપી દઈશું.' પરંતુ કાકાની આશા ઠગારી નીવડી. હવે શું કરશું ? એ ચિંતા સાથે અમે પાછા ફર્યા. 'જગ્યા નાની છે પણ તારે માટે મોકાની છે, ગમે તેમ કરીને તું પૈસાનો મેળ કર.' કાકાએ સલાહ આપી. એ જમાનામાં ત્રણ હજારની રકમ બહુ મોટી હતી. મેં બધા ઉપાય અજમાવ્યાં ત્યારે ઉછીનાપાછીના કરીને માંડમાંડ પૈસા ભેગા થઈ શક્યા, પરંતુ તેમાં સમય ઠીકઠીક થઈ ગયો.

પૈસા લઈને કાકો ભત્રીજો, પેઇન્ટર માળીના ઘરે હરખાતા હરખાતા, જગ્યાની

**ચિંતા સાથે અમે પાછા ફર્યા. 'જગ્યા નાની છે પણ તારે માટે મોકાની છે, ગમે તેમ કરીને તું પૈસાનો મેળ કર.' કાકાએ સલાહ આપી. એ જમાનામાં ત્રણ હજારની રકમ બહુ મોટી હતી.**






BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:48:08 PM

ચાવી લેવા જઈ પહોચ્યા. તે વાત સાંભળીને કહે, 'તમે બહુ મોડા છો. આટલા બધા દિવસ તે હોતા હશે?' આ સાંભળીને હું તેને બહુ કરગર્યો તો કહે,'જો ભાઈ, મારી પાસે આ જગ્યાના પાંચ હજારમાં લેવાલ છે, તને ત્રણમાં કેમ આપું ?' ખરેખર તો ગરજ જાણીને, વધુ પૈસા કઢાવવા માટે, માળીભાઈની દાનત બગડી હતી. 'ગરજવાનને અકકલ ન હોય', તેમ વધુ રકઝક કર્યા વગર, પંદર દિવસની મુદત મેળવીને ચાલતી પકડી. બે હજારની ઘટતી રકમ હવે એકઠી કરવી, એ 'લોઢાના ચણા ચાવવા બરાબર' હતું. છેવટે મારા વસંતમામા, નાની, મણિકાકા અને મિત્રોની મદદ લીધી તેમ છતાં પૈસા ઘટતા હતા. અંતે ભાઈબહેનોના ગલ્લામાંથી પૈસા કાઢીને ભેળવ્યાં ત્યારે માંડ બે હજાર થયા. જીવની જેમ સાચવી રાખેલા ત્રણ હજારમાં તે ભેળવીને, પૂરા પાંચ હજાર માળીભાઈને આપ્યા. સતત સંઘર્ષ પછી ચાવી હાથમાં આવી, ત્યારે જાણે ખજાનાની ચાવી મળી હોય, તેવો અહેસાસ થયો.

આ જગ્યામાં ૧૯૬૬માં 'સ્ટુડિયો સ્મૃતિ' થી કામ શરૂ કર્યું. મારી નોકરી ચાલુ હતી એટલે સમયની પાબંદી હતી. પરંતુ કૉલેજમાં ભણતા ભણતા મારા બે નાના ભાઈઓ અશ્વિન અને ભૂપત, મણિકાકા પાસે તૈયાર થયા હતા. તે બંનેએ જોતજોતામાં સ્ટુડિયોનું કામ સંભાળી લીધું. હવે નસીબ આડેથી પાંદડુ ખસ્યું. ધંધો સારો ચાલવા લાગ્યો ને ફોટોગ્રાફી કૌટુંબિક વ્યવસાય બની ગયો, જેની મેં કલ્પના પણ કરી ન હતી. દુકાનની પાઘડીના પૈસાના ઠેકાણા વગર, મેઈન બજારમાં સ્ટુડિયો માટે જગ્યા લેવાનું સાહસ, આમ તો મૂર્ખામી ભર્યું લાગતું હતું, પરંતુ આત્મવિશ્વાસ, ધગશ અને અડગ નિર્ધારથી આ સાહસ આખરે પરિવાર માટે તારણહાર સાબિત થયું.

## ટર્નિંગ પોઇન્ટ

સ્ટુડિયો શરૂ થયા પછી આઉટડોર ફોટો ફંકશનનું કામ વધારે રહેતું. ફંકશનમાં પાડેલા ફોટા તૈયાર કરી બ્લેક પેજના આકર્ષક આલ્બમમાં તેને ચોંટાડીને આપવાનો ત્યારે રિવાજ હતો. લગ્નની સિઝન શરૂ થાય તે પહેલાં દિલ્હી કે મુંબઈની કંપનીને આલ્બમનો ઑર્ડર લખાવી દેતા. તેમ છતાં સિઝનમાં સારા આલ્બમની હંમેશાં શોર્ટેજ રહેતી. એટલે ફંકશનના ફોટા તૈયાર થઈ જાય પછી છેલ્લી ઘડીયે આલ્બમના અભાવે અમે રખડી પડતા. આ સમસ્યાને કારણે જ, આલ્બમ મેળવવા અંગે જાણવાની અને તેના મૂળ સુધી પહોંચવાની જિજ્ઞાસા સચેત થઈ. મનમાં પ્રશ્ન થયો કે, આટલી બધી ડિમાન્ડ છે, તો પણ ગુજરાતમાં કેમ કોઈ આલ્બમ બનાવતું નથી? આ વાત ઉપર બધા ભાઈઓ વિચાર કરતા થઈ ગયા. નાના મહેશભાઈ મિકૅનિક હતા. તેણે ઘરમાં પડેલા એક ફેમિલી ફોટાનાં આલ્બમનું છરી, કાતર ને સ્ક્રૂ ડ્રાઈવરથી ઑપરેશન કરી નાખ્યું. એ રૅકિઝન, પૂંઠાં, બ્લેક પેપર, ફૅન્સી બટર પેપર, રેશમદોરી, બોરિયા અને સરેશના માધ્યમથી બનાવવામાં આવેલું હતું. કોઈ પણ કુશળ બુક બાઈન્ડર તે સહેલાઈથી બનાવી શકે ને ભાવનગરમાં ઘણાં પ્રિન્ટિંગ પ્રેસ હોવાને કારણે બાઈન્ડર મેળવવાનું મુશ્કેલ ન હતું. ચોકકસ ગેજના બ્લેક પેજ, બટર પેપર અને રૅકિઝનની માર્કેટ મુંબઈમાં હતી. જયારે પૂંઠાના એજન્ટ તો ઘરની પાછળ જ હતા.

**આલ્બમના ઑર્ડરને પહોંચી વળવા અમે વડી, પાપડ, ખાખરાનો ઉદ્યોગ બંધ કરી દીધો**



**અશ્વિનભાઈ**

આ કામમાં આગળ વધવા, અમે ચાર ભાઈઓ અને પાંચમાં પિતાજીની એક સરસ ટીમ બનાવીને રાતદિવસ,આલ્બમ મેન્યુફેકચરિંગના પ્રૉજેક્ટની પાછળ આદુ ખાઈને લાગી પડયા. કાચો માલ સામાન મેળવી આપવામાં મારા ફૈબાના દીકરા કાંતિભાઈ મુંબઈમાં બહુ ઉપયોગી થયા. ભાવનગરમાં ભારત પ્રિન્ટિંગ પ્રેસના નગીનભાઈ પાસેથી બાઈન્ડિંગ માર્ગદર્શન અને રઘુભાઈ જેવા કુશળ કારીગર મળી ગયા.



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:48:12 PM



ભૂપતભાઈ

અનુભવના આધારે ડિઝાઇન, કલર, વગેરેની પસંદગી કરી, ‘ટીપ-ટોપ’ બ્રાન્ડ નેઇમથી આલ્બમના સેમ્પલ બનાવી માર્કેટમાં મૂકયાં. અમારા આશ્ચર્ય વચ્ચે એ સેમ્પલ ટપોટપ ઉપડી ગયાં. અમે મેન્યુફેકચરિંગ અને સેલ્સ માટે, અજંતા ટ્રેડર્સ અને અજંતા ફોટો સેલ્સ એમ બે ફર્મ, રજિસ્ટર કરાવી લીધી અને ઘરમાં આલ્બમનું મૅન્યુફૅકચરિંગ શરૂ કર્યું. સાથે સારી સારી કંપનીઓની ફોટો એસેસરીઝ, કેમિકલ્સની ઍજન્સી પણ લીધી. સાથે ઘરમાં એક રિટેઇલ કાઉન્ટર પણ શરૂ કર્યું તે ભાઈ અશ્વિને સંભાળ્યું. લગ્નગાળો ફોટોગ્રાફરો માટે ધંધાની સિઝન ગણાય. હોલસેલ વેચાણ માટે હું અને ભાઈ અશ્વિન ગુજરાતના ગામેગામ ફરીને, ફોટોગ્રાફરોના ઑર્ડર લઈ આવતા ને સિઝન શરૂ થાય તે પહેલાં માલની ડિલિવરી કરી દેતા.

આલ્બમ બનાવવાનું કામ એક હસ્તઉદ્યોગ જ હતો. તેમાં કોઈ મશીનરીનો ઉપયોગ ન હતો. આલ્બમના ઑર્ડરને પહોંચી વળવા અમે વડી, પાપડ, ખાખરાનો ઉદ્યોગ બંધ કરી દીધો અને ઘરના નાનામોટા સૌ દિવસરાત જોયા વગર આ ગૃહઉદ્યોગમાં લાગી પડયાં. જોતજોતામાં પાસા પોબારા પડી ગયા. બે પાંદડે થયાં. ભાઈઓબહેનોના લગ્ન પ્રસંગો, ઘરના ઘર કે ફ્લેટના સપના સાકાર થયાં. ખરેખર, ફોટોગ્રાફીના વ્યવસાયમાંથી ટ્રૅડિંગમાં ઝંપલાવવાનો વિચાર અમારો ટર્નિંગ પોઇન્ટ સાબિત થયો. આ ટર્નિંગ પોઇન્ટે અમારું જીવન બદલી નાખ્યું.

## સરી પડેલી એક તક

હું જિલ્લા લોકલ બોર્ડની નોકરીમાં લાગ્યો ત્યારે, હજુ ફ્લેટમાં રહેવાનું ચલણ ન હતું. લોકો રહેવા માટે નાનો કે મોટો બંગલો અથવા ટેનામેન્ટ બનાવતા. એક નાનું પણ સરસ ટેનામેન્ટ બનાવવું એ મારું પણ સ્વપ્ન હતું. નોકરી દરમ્યાન આ સ્વપ્ન સાકાર થાય એવા સંજોગો પણ ઊભા થયા. ઑફિસના કર્મચારીઓ પોતાનું મકાન બંધાવી શકે તે માટે એક કો-ઓપરેટિવ સોસાયટી બનાવવામાં આવી. હું પણ તેનો મેમ્બર બન્યો. બોર્ડના પ્રમુખ જયંતીભાઈ વડોદરિયા, નાના નોકરિયાતોના મકાન બને, તે માટે બહુ ઉત્સુક હતા. તેમની રજૂઆતથી કલેકટરસાહેબે, કાળુભા સાહેબના બંગલાની પાછળ, લોકલ બોર્ડ સોસાયટીને જમીનના બાર પ્લોટ ફાળવ્યા. અમે મેમ્બર વીસ હતા. ચિઠ્ઠી નાખવામાં આવી. તેમાં મને સૌથી મોટો, ૮૦૦ ચોરસવારનો પ્લોટ મળ્યો. આ પ્લોટની જમીનનો ટોકન ભાવ માત્રદોઢ રૂપિયો, ચોરસવારનો ઠરાવવામાં આવ્યો એટલે પ્લોટની કિંમત થતી હતી રૂપિયા ૧૨૦૦ ! એક રીતે જોઈએ તો મફતના ભાવમાં ‘સોનાની લગડી’ જેવી જમીન મળતી હતી. મારા સાથી કર્મચારીઓ જેને મોટો પ્લોટ મળે, તે રાજી થતા હતા ને હું મોટો પ્લોટ મળ્યો તે માટે અફસોસ કરતો હતો. કારણ કે રકમ તરત ભરવાની હતી અને પિતાજીએ તો મારી પાસે પૈસા નથી, તેમ સ્પષ્ટ કહી દીધું. ગમે તેમ કરીને, અમારા ચારે ભાઈઓના ટેનામેન્ટ આ પ્લોટ ઉપર બનાવવાની ધૂન મારા દિમાગ ઉપર સવાર થઈ હતી. તે સમયે હું ઈન્ટર આટર્સમાં ભણતો હતો. કૉલેજની ફી અને ચોપડા લેવા માટે ૪૦૦ રૂપિયા સ્કૉલરશિપના મારી પાસે હતા. બીજા બધા મેમ્બરોએ ટપોટપ પ્લોટના પૈસા ભરી દીધા. મને પણ પૈસા ભરવા તાકીદ મળવા લાગી. આ ઉઘરાણીથી હું ક્ષોભ અનુભવતો. આખરે

**હજુ પ્લોટના આઠસો રૂપિયા તો ભરવાના બાકી હતા તેનો મેળ પડતો ન હતો. ત્યાં વળી કોલેજની ટર્મ ફીની સમસ્યા ઊભી થઇ.**

**આ પ્લોટની કિંમત ત્યારે હજારોમાં અંકાતી હતી. પરંતુ સાથી કર્મચારી પાસેથી ‘ગરજના પૈસા’ લેવાની વાતમાં, નૈતિક ધોરણનો છેદ ઉડી જતો હતો. તે મને મંજૂર ન હતું.**



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:48:16 PM

**‘સોનાની લગડી જેવી જમીન’, જતી ન કરવા અને આવી તક વારંવાર મળતી નથી, તેમ જણાવ્યું. પરંતુ જમીન લેવાની વાત હવે દિવાસ્વપ્ન લાગવા માંડી હતી.**

મેં સ્કૉલરશિપના ચારસો રૂપિયા પ્લોટ માટે ભરી દીધા અને બાકીના આઠસો, થોડા સમયમાં ભરી દઈશ, એમ કહીને મુદત લઈ લીધી.

એક દિવસ કોલેજના નોટિસ બોર્ડ ઉપર, ટર્મ ફી નહીં ભરવા માટે પરીક્ષામાં ડિટેઇન કરવામાં આવેલાં વિદ્યાર્થીઓમાં મારું નામ પણ છે એવા ખબર, એક મિત્રએ આપ્યા ને મારા હોંશ ઉડી ગયા. બધી હિંમત એકઠી કરીને હું પ્રિન્સિપાલની ચેમ્બરમાં ગયો. આમ પણ તેઓ શિસ્ત અને કડક સ્વભાવ માટે જાણીતા હતા જ. મારી વાત સંભળી ન સાંભળીને જણાવી દીધું, ‘ઇટ્સ યોર પ્રૉબ્લેમ. ફી ભરો અથવા ઘરે બેસો’

હવે મારી પાસે કોઈ ઉપાય ન હતો. હજુ પ્લોટના આઠસો રૂપિયા તો ભરવાના બાકી હતા, તેનો મેળ પડતો ન હતો. ત્યાં વળી કૉલેજની ટર્મ ફીની સમસ્યા ઊભી થઈ. ‘એક સાંધો ત્યાં તેર તૂટે’, એ સ્થિતિમાં હું ખરેખર મુંઝાઇ ગયો. જે થવું હોય તે થાય, પણ કૉલેજનું વરસ હવે બગાડવું નથી, તેમ મનમાં ગાંઠ વાળી. બીજે દિવસે, મેં મારો પ્લોટ પાછો આપી દેવાનું ઑફિસમાં જાહેર કર્યું. મારા સહકર્મચારીઓએ, મફતના ભાવમાં મળતી ‘સોનાની લગડી જેવી જમીન’, જતી ન કરવા અને આવી તક વારંવાર મળતી નથી, તેમ જણાવ્યું. પરંતુ જમીન લેવાની વાત હવે દિવાસ્વપ્ન લાગવા માંડી હતી.

અમારી બાંધકામશાખામાં ફરજ બજાવતા મોહનભાઈ પટેલે, ચારસો રૂપિયા ઉપર નફો આપીને પ્લોટ લેવા તૈયારી બતાવી. આ પ્લોટની કિંમત ત્યારે હજારોમાં અંકાતી હતી. પરંતુ સાથી કર્મચારી પાસેથી ‘ગરજના પૈસા’ લેવાની વાતમાં, નૈતિક ધોરણનો છેદ ઊડી જતો હતો, તે મને મંજૂર ન હતું. મારે તો બસ, ચારસો રૂપિયા જોઈએ. જમીનની વેલ્યુ સમજતા, એ ‘પટેલ ભાયડા’ એ ફટ કરતાં મારી સામે રૂપિયા ચારસો ધરી દીધા અને મેં છૂટકારાનો શ્વાસ લીધો.

હાથમાંથી સરી પડેલી, આ ‘સોનેરી તક’ જીવનમાં ફરી ન આવી તે ન જ આવી.



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:48:20 PM

# સંયુકત કુટુંબ એક સંભારણું

## અમારું ઘર જાણે ઈઝરાયેલનું કિબુત્ઝ

અમારું ઘર ઇઝરાયલના 'કિબુત્ઝ' જેવું હતું. મોસાળ સાથે અમારો પરિવાર તો રહેતો જ હતો. સાથોસાથ નાનીના ભાઈ મણિલાલ માસ્તર અને તેના દીકરા વસંતરાયના પરિવારના સભ્યોની આવન-જાવન પણ રહેતી. વધુમાં નાનીના સાસરિયા પક્ષના કુળદેવી બહુચરાજી માતાનું સોનાચાંદીથી મઢેલું સ્થાનક, ઘર વચાળે આવેલા ઓરડામા હતું. નાનીના સાસરીયા પક્ષનો પરિવાર, ભાવનગર તેમજ રાજકોટ અને જેતપુરમાં પથરાયેલો હતો. આ કબીલો સોએક વરસ પહેલાં ધંધાર્થે, રાધનપુરથી ભાવનગર ઠરીઠામ થવા આવ્યો, ત્યારે પોતાના કુળદેવી બહુચરમાતાને સાથે લાવેલો. આ લોકોને માતાજીમાં શ્રદ્ધા ઘણી. રોજ સવાર સાંજ દીવા કરવા, વારા પ્રમાણે પરિવારનો કોઈ એક સભ્ય નિયમિત આવે. પરિવારમાં પહેલા પુત્રના જન્મ અને લગ્ન પ્રસંગે માતાજીના કર કરવાનો રિવાજ. નવરાત્રિમાં ગરબો લેવાય, જુવારા રોપાય, ભૂવા આવે, ડાકલાં વાગે. કોઈને માતાજી પંડમાં આવે પણ ખરા, મોડી રાત સુધી ગરબાની રમઝટ જામે ને ઘરમાં જ માતાજીના સાન્નિધ્યમાં આઠમનો હવન થાય, શ્રીફળ હોમાય, માતાજીને નૈવેદ ધરાય અને બ્રાહ્મણોના સ્વાહા સ્વાહાથી ઘર ગૂંજી ઊઠે. આમ, નવરાત્રિમાં નાનીનાં સાસરિયાઓનો કુટુંબ મેળો ભરાય. ગામેગામથી સગાંસંબંધીઓ આવે અને અમારા ઘરમાં ઉત્સાહનો ઉન્માદ છવાઇ જાય. આમાં ઘરધણી કોણ તેની ખબર જ ન પડે!

નવજવાન સંઘમાં મારું નેતૃત્વ. મારી નાની, પિતાજી, ભાઈઓ અને બહેનો પણ તેમાં સક્રિય. સંસ્થાની ઘણી પ્રવૃત્તિનો દોર ઘરમાંથી જ ચાલતો એટલે નિરંતર સાથી મિત્રોની આવનજાવન રહ્યા કરે.

કિબુત્ઝની જેમ, ઘરની દિનચર્યા પણ વહેલી સવારથી શરૂ થઈ જતી. રસોઈ ઘર તો જાણે, 'સદાવ્રત' જોઈ લ્યો. ચૂલા ઉપર મોટામોટા તપેલાં ઉકળતાં હોય. કયારે, કોણ અને કેટલાં જમવા બેસી જાય તે નકકી નહીં.

> **નવરાત્રિમાં નાનીનાં સાસરિયાઓનો કુટુંબ મેળો ભરાય.**
>
> **ઘરમાં ઉત્સાહનો ઉન્માદ છવાય જાય.**
>
> **કિબુત્ઝની જેમ, ઘરની દિનચર્યા પણ વહેલી સવારથી શરૂ થઈ જતી. રસોઈ ઘર તો જાણે, 'સદાવ્રત' જોઈ લ્યો. ચૂલા ઉપર મોટામોટા તપેલાં ઉકળતાં હોય.**

એ દિવસોમાં હજુ ગેસના ચૂલા, વોશિંગ મશીન, ફ્રિઝ જેવા સાધનો વસાવવાનું પહોંચની બહાર હતું. ઘરમાં નળ ખરા, પણ પાણી ઉપર ચડે નહીં. નીચે શેરીમાં આવેલાં જાહેર પાણીના સ્ટેન્ડમાંથી પીવાનું, વાપરવાનું અને વાસણ માંજવાનું પાણી ઉપર ચડાવવું પડે ને ગાંસડો એક કપડાં તો પાણીનાં સ્ટેન્ડમાં જ ધોવા જવું પડે. આવા સંઘર્ષના દિવસોમાં સૌ સાથે મળીને શકિત અને આવડત મુજબ હસીખુશીથી કામમાં જોડાતાં. ઇઝરાયલના કિબુત્ઝની જેમ સૌને સાથે રાખીને, ઘરનો સહિયારો વહીવટ કરવાનું ખરું શ્રેય, મારી નાની અને તેના પછી પિતાજીને આપું છું.

## મોસાળની છત્રછાયામાં લગ્ન

અમે ચાર ભાઈઓ અને છ બહેનો. સૌ મોસાળમાં ભણ્યાંગણ્યાં, મોટા થયાં અને પરણ્યાં. મધુબહેન સૌથી મોટા. માની તબિયત નરમ-ગરમ રહ્યાં કરતી એટલે એક જાણીતું કુટુંબ શોધીને, નાનીએ મધુબહેનના લગ્ન કરાવી દીધાં. હવે લગ્ન માટે મારો નંબર હતો. પરંતુ મારે માથે એક મોટા પરિવારની જવાબદારી હતી. એ જવાબદારીમાંથી પાર ઉતરવા માટે પગભર થવું જરૂરી હતું. કુટુંબના સંઘર્ષના દિવસોમાં, માધ્યમિક શાળાના પાંચ વર્ષ, મેં વેડફી દીધા પછી માંડ ફરી કૉલેજ સુધી પહોંચ્યો હતો. સાથે નોકરી



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:48:23 PM

ચાલુ હતી. પરંતુ પગાર ટૂંકો હતો. વળી, રહેવા માટે પોતીકું ઘર તો હતું નહીં. આવા માહોલમાં ઉતાવળે લગ્ન કરવાનું સાહસ કરવાની જરા પણ ઈચ્છા ન હતી. એ પછી કુટુંબમાં લગ્નની ચર્ચા બંધ થઈ ને મેં રાહતનો શ્વાસ લીધો. ફેમિલી પ્લાનિંગમાં નોકરી અને જાહેર જીવનમાં સમાજનું નેતૃત્વ કરવામાં, મારે અનેક યુવક-યુવતીઓના સંપર્કમાં આવવાનું થતું. આ યુવાવયે વિજાતીય આકર્ષણ એક સામાન્ય બાબત છે તેમ, નિર્દોષ ભાવે કોઈએ મને, તો મેં કોઈને પ્રપોઝ કર્યાના બનાવો બનતા રહ્યા. પરંતુ આગળ વધવાનો વિચાર કરું તે પહેલાં, મારી હેસિયતનો ખ્યાલ આવતો અને પીછેહઠ કરી જતો. ખરેખર મારે માટે આ અગ્નિ પરીક્ષા હતી.

ત્રીસ વર્ષની ઉંમરે મેં, સ્પે. સોસિઓલૉજીના વિષય સાથે ગ્રેજ્યુએશન પૂરું કર્યું. દરમ્યાન નોકરીમાં પણ બઢતી મળી હતી. હવે મારે ઈઝરાયલના કિબુત્ઝ જેવા પરિવારમાં, સેટ થઈ શકે તેવી જીવનસાથીની પસંદગી કરવાની હતી. મારું વ્યકિતત્વ અને સરકારી નોકરી સિવાયના બધાં જ પોઈન્ટ, માઈનસમાં જતા હતા. તેમ છતાં સમાજની ચીલાચાલુ રીત મુજબ, વેવિશાળ માટે છોકરીઓ જોવાનું શરૂ થઈ ગયું. કોઈકને હું ના પસંદ કરું, તો કોઈક મને ના પસંદ કરે, એવો સિલસિલો ઠીકઠીક સમય સુધી ચાલ્યો. આખરે મેં, ઈલાને પસંદ કરી. ફાઈનલ કરતાં પહેલાં મીટિંગો થઈ. અમારા બંનેના પિતાજી, એકબીજાના મિત્ર હતા. વેવિશાળ



થયું. અમે એક વરસ સાથે હર્યાંફર્યાં, પછી ઈલાનું ગ્રૅજ્યુએશન પૂરું થયું ને અમે પ્રભુતામાં પગલાં માંડયા. એ શુભ દિવસ હતો તા. ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૭.

પરિવારમાં આવતાંની સાથે ઈલા દૂધમાં સાકરની જેમ ભળી ગઈ. સાસુ, મોટી સાસુ, દિવ્યાંગ મામા, અને મારા નાના ભાઈ-બહેનોને સંભાળતાં સંભાળતાં તે એક પરિપકવ ગૃહિણી બની ગઈ. જીવનભર મારી સામાજિક પ્રવૃત્તિની વ્યસ્તતાને કારણે, ઘણીખરી બાબતોમાં બાંધછોડ કરવાનું, સૌથી વધુ ઈલાના ભાગે આવતું. તેમ છતાં પરિવારની જવાબદારીની સાથે સાથે ઈલા, જાહેર જીવનમાં ખભેખભા મિલાવીને, મારી સાથે રહી છે. મારી સફળતા પાછળ તેનું મહત્ત્વનું પ્રદાન છે.

**ત્રીસ વર્ષની ઉંમરે મેં,
સ્પે. સોશિયોલૉજી વિષય સાથે
ગ્રૅજ્યુએશન પૂરું કર્યુ. દરમ્યાન
નોકરીમાં પણ બઢતી મળી હતી.
હવે મારે ઈઝરાયલના કિબુત્ઝ જેવા
પરિવારમાં, સેટ થઈ શકે તેવી
જીવનસાથીની પસંદગી કરવાની હતી.
મારું વ્યક્તિત્વ અને સરકારી નોકરી,
સિવાયના બધાં જ પોઈન્ટ,
માઈનસમાં જતા હતા.**



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:48:27 PM

# વિભક્ત કુટુંબની ખાટી-મીઠી

## પિતાની દૂરંદેશી

બે ભાઈઓના લગ્ન થયા. વસ્તાર વધવા લાગ્યો. ઘરમાં વાસણ હોય તો ખખડે પણ ખરા. તેની શરૂઆત થઈ ચૂકી હતી. ઘરના ઘર લેવાની અમારી શકિત ન હતી. પરંતુ પિતાજીએ દૂરંદેશી વાપરીને એક તુકકો લગાવ્યો. ભાવનગરની આનંદનગર વસાહતમાં, હુડકોના સૌથી સસ્તા ટેનામેન્ટનો ડ્રો થવાનો હતો. એક ટેનામેન્ટ માટે એક હજાર રૂપિયા ડિપોઝિટ ને લાગે તો અઢાર વરસના, માસિક ૧૦૦ રૂપિયાના હપ્તા. પિતાજી કોઈને પણ કહ્યા વગર, ચાર દીકરાના નામે ચાર ફોર્મ ભરી આવ્યા. ઘરના ઘરનું સપનું જોતા અનેક લોકોની લાઇનમાં, નંબર લાગવાની આશા ધૂંધળી હતી, પરંતુ આશ્ચર્ય વચ્ચે તેનો તુકકો સફળ રહ્યો. બે ટેનામેન્ટ લાગ્યા. ઘરમાં એક તરફ આનંદ અને બીજી તરફ ગ્લાનિનું વાતાવરણ છવાઈ ગયું. કારણ, કોઈએ જુદા થવાની કલ્પના કરી ન હતી. પરંતુ એ વાસ્તવિકતા હતી, સમયનો તકાદો હતો.

મુહૂર્ત જોઈને હું અને નાના મહેશભાઈ ટેનામેન્ટમાં રહેવા પહોંચ્યા. વિદાય વસમી હતી. સૌની આંખો ભીંજાણી. એક ચાર વ્હીલની રેંકડીમાં થોડાં વાસણ, ડબ્બા, અને ઓઢવા પાથરવાના મોટા ઘરેથી સાથે લઈ નવા ઘરમાં આવ્યા. બંનેના ટેનામેન્ટ નજદીક જ હતા. હુડકોના ટેનામેન્ટ તો ખાલી કહેવા પૂરતાં ટેનામેન્ટ હતાં. ખરેખર તો કાચા કામના એ ભીતડાં જ હતાં. અને જગ્યા પણ કેટલી ? એક દસ ફૂટ બાય દસ ફૂટનો બેઠકરૂમ-કમ-બેડરૂમ, એક નાનકડું રસોડું, ટોયલેટ, બાથરૂમ અને ખૂલ્લું ફળિયું. ટેનામેન્ટ ફરતી તાર ફેન્સિંગ પણ નહીં, નહીં કોઈ ઝાડ-પાન, બધે બાવળિયા જ બાવળિયા. મારા ભાગે આનંદનગરના ઠેઠ છેવાડાનું ટેનામેન્ટ આવ્યું હતું. પાછળ કંસારાના નાળાનું ગંધાતું પાણી વહે એટલે મચ્છરનો મોટો ત્રાસ અને બાકી હોય તેમ, લોકો ગૂંગળાઈ મરે તેવો એકસલ ઈન્ડસ્ટ્રીઝનો ગેસ છૂટે ને મૂંઝારો થાય.



ઘર મારા ટૂંકા પગારમાં ચલાવવાનું હતું તો પણ મેં કરકસર કરીને, ખુલ્લા ફળિયાની જગ્યામાં એક રૂમ બાંધવાનું આયોજન કર્યું. મારા સદ્નસીબે, ઈલાની બાના બંગલાના આઉટ હાઉસમાં, જૂના બારીદરવાજા કાઢી નાખેલાં પડયા હતા, તે મળી ગયા. રીના ટાઈલ્સમાંથી મોઝેક ટાઈલ્સના વેસ્ટનાં ટૂકડા વીણી લાવ્યો તેનો સરસ મજાનો ગાલિચો બનાવી રૂમમાં ચોંટાડયા. આ નવા રૂમનો દરવાજો, રોડ તરફ પડતો હતો. રોડ બાજુની થોડી જમીન વાળીને ઝાડ-પાન રોપ્યાં. તેના ઉપર મની પ્લાન્ટની વેલ ચડાવી, શોખ મુજબ સુંદર બગીચો બનાવ્યો. આ બગીચાના હીચકા ઉપર એક દિવસ સવારે હું હીંચકતો હતો, ત્યાં મણિભાઈ ગાંધી કોઈનું ઘર શોધતા આવી ચડયાં, 'બાબાભાઈ, કેમ અહીયાં?' મેં કહ્યું, 'આ મારું ઘર છે.' તો કહે, 'શું મશ્કરી કરો છો મારી, ભલા માણસ!'



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:48:32 PM



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:48:39 PM

# સપનાનાં વાવેતર

હુડકોના ટેનામેટથી શરૂ કરીને લગભગ પાંત્રીસેક વરસ એક ઘરમાંથી બીજામાં ફરતા રહ્યાં. પરંતુ જિલ્લા લોકલ બોર્ડની નોકરી કરતા કરતા કર્મચારી મંડળનો પ્લોટ લઈને એક સુંદર મજાનો બંગલો બનાવવાની તક હાથમાંથી સરી પડેલી તે જીવનમાં ફરી ન જ આવી.

'એક બંગલા બને ન્યારા' ગીતની જેમ પોતીકા બંગલાનું મારું પણ એક સપનું હતું. તેને માટે કેવી કેવી કલ્પનાઓ અને સંઘર્ષ કર્યા હતા ! એક નાનકડો બંગલો, તેમાં ગમતી ડિઝાઈનનું ફર્નિચર, શોખની એન્ટિક વસ્તુઓ, દીવાલ ઉપર સુંદર મજાના પેઈન્ટિંગ, સાથે લેખન તેમજ વાંચન માટે લાયબ્રેરી, એવા બંગલાના બગીચામાં લીલીછમ હરિયાળી ને લતામંડપ. તેમાં પોપટ, ચકલાં, પારેવાનું ગૂંજન સંભળાતું હોય, અને તેમાં આપણા રામ જીવનસંગિની ઈલા સાથે હીંચકે હીંચકતા હોય !

આ સપનું સપનું જ રહ્યું. જો કે એ વ્યર્થ નથી ગયું. બંગલો બનાવવાની મારી અતૃપ્ત ઈચ્છાશકિતને મેં વંચિતોની શ્રેષ્ઠ સારસંભાળ અને શિક્ષણ માટેની સંસ્થાઓના સર્જન પાછળ ખર્ચી જાણી છે. આ ઈચ્છાશકિતના જોરે એકએકથી ચડિયાતી સંસ્થાઓ, તેના અદ્ભુત આર્કિટેકચરની સાક્ષી પૂરતી ઈમારતો ને કુદરતના સાન્નિધ્ય વચાળે ધબકતા સંકુલોનું અદ્ભુત સર્જન કરીને હંમેશાં અહીં નીત નવા સપનાનાં વાવેતર કરતો રહ્યો છું અને તેમાંથી જ, સાર્થક જીવન જીવવાનો આનંદ માણતો રહ્યો છું.



BHAG 1 PG 20 TO 39_1_Prepress
Friday, November 22, 2019 6:48:47 PM







The deeper the PNR Society penetrated into Bhavnagar, the more challenging the mission became.



*Tender, loving care:* Parents and trainers of the resource centre in Talaja

DECEMBER 24, 2006 Rs 15

**THEWEEK**

**24 COVER STORY**
**MAN OF THE YEAR**

## GANDHI OF BHAVNAGAR

With ample dedication and no ado, Anant K. Shah has been transforming the lives of thousands of physically and mentally challenged persons.

Interview with Anant Shah: Give them rights, not pity

Prabha Foot and Miracle Hand

**Props and hope:** Anant Shah(right)



મારી સામાજિક પ્રવૃત્તિની વ્યસ્તતાને કારણે ઘણીખરી બાબતોમાં બાંધછોડ કરવાનું સૌથી વધુ ઈલાને ભાગે આવતુ. તેમ છતાં પરિવારની સાથે સાથે ઈલા જાહેર જીવનમાં ખભેખભા મિલાવીને મારી સાથે રહી છે. મારી સફળતામાં તેનું મહત્વનું પ્રદાન છે.

-અનંત કે. શાહ (બાબાભાઈ)





બાબાભાઈ એટલે..

તેમનું પારિવારિક નામ અનંત પણ સૌ તેમને બાબાભાઈ કહે,

૧૯૫૪ આસપાસ ભાવનગરના એક ધૂળિયા ઓટલેથી આરંભાયેલ તેમની સેવાયાત્રામાં છએક સંસ્થાઓ દ્વારા આજે ૧ કરોડથી વધુ વિકલાંગો તથા જરૂરીયાતમંદ લોકો સહભાગી બન્યા છે, જેઓ તેમના માનસ સંતાનો છે. આમતો; બાબાભાઈના ચાર સંતાનો; કવિતા, જિજ્ઞા, અમી, સુકેતુ અને પુત્રવધુ ધ્વનિ તથા પૌત્ર પર્વ પણ તેમનો પરિવાર આજે અનંત રૂપે પથરાયેલો છે.

૧૯ વર્ષની ઉંમરે અનસૂયાબહેનની બાળકીની વેદનાની ચીસ સાંભળીને તેમણે જીવનની એક મહત્વની કેડી પસંદ કરી, જે હતી : સેવા.

તેઓના અઢળક સંકલ્પો આજે આ સંસ્થાઓમાં સમર્પણરૂપે પથરાયેલા જોવા મળે છે.

તેમનો દરેક શ્વાસ સેવા સાથે જોડાયેલો છે.

તેમનું દરેક ડગલું એજ દિશા તરફ છે; માનવકલ્યાણ

આ પુસ્તક જ તેમનો સાચો પરિચય બની રહેશે.

-નેહલ ગઢવી